આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૭
અંક : ૩
ડીસેમ્બર–૧૯૯૫

પ્રેમ
શ્રધ્ધા
ભક્તિ
પ્રભુકૃપા
યોગ
ધર્મ
સાધના
સત્સંગ

Summit

## સંસારમાંથી તારવાની પ્રભુની ગેરંટી

માનવના સાંસારિક સુખ માટે જ નહિ, પણ આત્મિક કલ્યાણ માટે આટલી ચોક્કસ ગેરંટી આપનાર બીજું કોણ હોઇ શકે? પોતાનાં બાળકોના ઉદ્ધાર માટે આવો આશાભર્યો દસ્તાવેજ કરી આપનાર, આવો ઉત્તમમાં ઉત્તમ લેખ લખી આપનાર, ઈશ્વર વિના બીજું કોણ હોઇ શકે? એવી બાંયેધરી આપવાની શક્તિ બીજા કોનામાં છે? પોતાની જાતની સલામતીની ને સદા માટેની સુખાકારીની ગેરંટી આપવાની શક્તિ પણ માણસમાં નથી, તો પછી બીજાની સલામતીની ચોક્કસ ગેરંટી તો તે કેવી રીતે આપી શકે? કદાચ તે માટેનો લેખ તે લખી આપે, કે દસ્તાવેજ કરી આપે, તો પણ તેનો વિશ્વાસ શો? તે પ્રમાણિક છે એવું કોણ કહી શકે? પરતુ ઈશ્વરને માટે તેવું નથી. ઈશ્વરની વાણી 'અબી બોલ્યા અને અબી ફોક' જેવી નથી. તે તો ચોક્કસ છે. ઈશ્વર તો સર્વશક્તિમાન છે. પરમ સત્યમય છે. ભક્તોની રક્ષા કરવાનું તેમનું જીવનવ્રત છે. તે પ્રમાણે આજસુધીમાં તેમણે અનેક ભક્તોની રક્ષા કરી છે. એટલે તેમની વાણી સાચી છે. તેમાં શંકા કરવાનું કોઇ જ કારણ નથી. તેમાં વિશ્વાસ રાખવાની જરૂર છે. તેથી આપણને લાભ જ લાભ છે, અને ગેરલાભ કોઇ પણ દશામાં નથી. ભગવાને જે ગેરંટી આપી છે તેનો વિચાર કરીને ભગવાનમાં આપણી શ્રદ્ધાભક્તિ વધવી જોઇએ. ભગવાનને માટેનો અનુરાગ આપણા અંતરમાં વધારે ને વધારે પ્રમાણમાં જાગવો જોઇએ, ને ભગવાનની કૃપા મેળવવા આપણે આતુર બનવું જોઇએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫-૦૦

વિદેશમાં રૂા. ૨૦૦-૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી-સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર-૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ મ. મહેતા | ૧૦ |
| કૂટી કરતાલો | ડો. રણજિત પટેલ (અનામી) | ૧૪ |
| પ. પૂ. માને ચરણે | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૧૫ |
| પ્રાર્થના | પરમાર્થી | ૧૬ |
| દિવ્ય વાર્તાલાપ | પ. પૂ. રાજર્ષિ મુનિજી | ૧૭ |
| બેરિસ્ટર મોહનભાઈની જીવનકથા | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૪ |
| ભાર તારાજ માથાપર નાંખી દીધો છે | સંત તુકારામ | ૩૦ |
| હિમાલયના પત્રો | શ્રી સુરેશભાઈ શાહ | ૩૧ |
| એક નવા સાધક | નારાયણ હ. જાની | ૩૬ |
| શ્રી શ્રી મા શારદાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૩ |
| નારી તો નારાયણી ! | ઈશ્વરભાઈ પ્ર. ભક્ત (પરમાર્થી) | ૫૭ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન ઉજવાયો | તંત્રી | ૬૪ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ ડીસેમ્બર—૧૯૯૫ અંક : ૩


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩-૫-૮૧, રવિવાર, ચૈત્ર વદ ચૌદસ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત—૯**

આજે દરરોજની જેમ પૂ. શ્રી રાત્રે ૨—૩૦ થી ૪—૩૦ સુધી મંત્રજપ કરે છે, સર્વેશ્વરી પણ ૩ થી ૫—૩૦ સુધી મંત્રજપ વગેરે પ્રવૃત્તિ કરે છે. પછી થોડો આરામ કરી સ્નાન વ્યાયામથી પણ નિવૃત્ત થઈ જાય છે. બરાબર ૮—૦૦ વાગે અતુલ ગરમ દૂધ આપી જાય છે. પૂ. શ્રી ૮—૧૫ મિનિટે દૂધ લઈ લે છે. સર્વેશ્વરી પણ સાથે જ દૂધ લે છે. ત્યારબાદ પૂ. શ્રી ૯—૦૦ સુધી ફરી મંત્રજપ કરે છે. સર્વેશ્વરી ત્યાં સુધી ડાયરીનું લેખન કરે છે. પૂ. શ્રી ૯ થી લેખનકાર્ય માટે બેસી જાય છે. સાડા દશ સુધી લેખનકાર્ય ચાલુ જ રહે છે. પછી થોડો આરામ કરી ફરી લેખનમાં

પ્રવૃત્ત બને છે. સર્વેશ્વરી આજે રામતીર્થની જીવનસાધના પુસ્તકનું વાંચન કરે છે.

બરાબર અગિયાર ને વીસ મિનિટે ભોજન લઈને શ્રી ભટ્ટસાહેબ આવી જાય છે. એટલે ભોજનમાં પૂ. શ્રી ફક્ત વઘારેલી ખીચડી જ લે છે. ભોજનબાદ હજી બાર વાગવામાં ૧૦ મિનિટની વાર હોવાથી, પૂ. શ્રી પલંગ પર સૂતા છે. સૂતાં સૂતાં નટા, નાગા, ગોકા, મથા વગેરે શબ્દોથી પ્રભુનું સ્મરણ કરે છે. નટવર, નાગર, ગોકુળ, મથુરા વિ. ના ટૂંકા શબ્દો પૂ. શ્રી આ રીતે ઘણીવાર બોલે છે.

દશ મિનિટ આરામ કરી પૂ. શ્રી સમયસર બહારના ઓરડામાં આવી જાય છે. સૌ ભાવિકો બહાર બેઠા હોય છે. તે અંદર આવી પ્રણામ કરી જગ્યા પર બેસે છે. આજે રવિવાર હોવાથી આખો ઓરડો ભરાઈ ગયો છે. બહાર પણ ઘણા બધા બેઠા છે.

પૂ. શ્રી ડાયરીનો એક દિવસ વાંચવાની સૂચના સર્વેશ્વરીને કરે છે, જેથી વડોદરાનો એક દિવસ વાંચે છે. પણ તે પહેલાં શ્રી ભટ્ટસાહેબની ઇચ્છાથી સર્વેશ્વરી એક જ લીટીની ધૂન બોલાવે છે:

જય જય શ્રી કૃષ્ણચંદ્ર નંદ કે દુલારે,<br>
નંદ કે દુલારે, પ્યારે નંદ કે દુલારે.

ધૂન પણ સૌ ઝીલે છે. ત્યારબાદ કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો—એમ પૂ. શ્રી બોલે છે. એ દરમ્યાન બે બેનો સર્વેશ્વરીને બે કાગળોમાં પ્રશ્નો લખીને આપે છે. સર્વેશ્વરી તે બેનને સંકોચ થતો હોવાથી પ્રશ્નો વાંચે છે. પૂ. શ્રી જવાબ આપે છે.



**પ્રશ્ન :** આપના ફોટા પાસે ઘરે બેસું છું ત્યારે ત્યારે તેમાં ત્રણ મુખનાં દર્શન થાય છે. વળી ત્યારે જુદાં જુદાં આસનો પણ થાય છે.

**પૂ. શ્રી :** એનું કારણ શક્તિનો સંચાર થયો છે એમ ગણાય. મહાપુરુષોની તસ્વીર પાસે બેસવાથી એ અનુભવ થાય તે સારો ગણાય. મહાપુરુષો પ્રત્યક્ષ હોય કે ના હોય, તોપણ તેમની તસ્વીરથી એ થાય તે સારું ગણાય.

**પ્રશ્ન :** તમારા ફોટાને વારંવાર કપાળે લગાડી અશ્રુપાત થઈ જાય, તમે જ પ્રભુ છો એવા ભાવો જાગે.

**પૂ. શ્રી :** પ્રેમમાં ને ભક્તિભાવમાં એ રીતે ભાવો જાગે. શ્રદ્ધા વધારો.

**પ્રશ્ન :** રોજ ત્રણ–ચાર કલાક બેસું છું પણ હવે સંસારમાં ચેન પડતું નથી. તમારી પાસે રહું તેમ મનમાં થાય છે.

**પૂ. શ્રી :** તનથી તો રહેવાનું આપણા હાથમાં નથી. સંસારમાં જ્યાં છો ત્યાંજ રહો. પણ મનથી સાથે રહી શકાય. તનથી સુરતમાં હો પણ મનથી તમે મુંબઈમાં રહી શકો. એ રીતે સંતો સાથે મનથી રહેતાં શીખો.

બીજા એક બેનનો પ્રશ્ન–પત્રમાં લખેલ–તે પણ સર્વેશ્વરી જ વાંચી સંભળાવે છે.

**પ્રશ્ન :** હું સાધના કરવા બેસું ત્યારે મારામાં શક્તિનો આવેશ આવે પણ હું ખૂબ અસ્વસ્થતા ભોગવું છું. મને તે શક્તિની બીક લાગે છે. મેં જપ છોડી દીધા છે. મને દેવમંદિરોમાં દેવોની આંખ સજીવ લાગે છે. એટલે મને ત્યાં જતાં પણ ડર લાગે છે મને તે શક્તિ હેરાન કરે છે.

પૂ. શ્રી : ડર શા માટે લાગે છે. તે કોઇ મેલી શક્તિ છે, એવું શા માટે માનો છો? વહેમ, શંકા ન રાખો. પ્રભુને પ્રાર્થના કરો. પ્રભુસ્મરણ કરો. વિક્ષેપો ઓછા થઇ જશે. ભગવાનનું સ્મરણ કોઇ દિવસ અકલ્યાણ કરતું જ નથી, સારું કામ કર્યે જ રાખો.

મંત્રજપ છોડવાથી ફાયદો નથી. ખાવાનું, પીવાનું, ઊંઘવાનું નથી છોડયું, તો મંત્રજપ શા માટે છોડયા? ચાલુ જ રાખો. આસન પર બેસી દરરોજ સવાર સાંજ દસ દસ માળા જપો, ને હરતાં ફરતાં પણ જપો. નામસ્મરણ પણ છોડો નહીં.

ત્યાં તો ભટ્ટસાહેબ કહેવા લાગ્યા, કોઇ કવિનું પેલું ભજન છે ને : નામ જપન ક્યોં છોડ દિયા?

પૂ. શ્રી : હા, બીજું બધું નથી છોડયું તો કવિ કહે છે નામસ્મરણ શા માટે છોડયું? આ વાતચીત ચાલુ હતી તે દરમ્યાન પૂ. શ્રીના અમેરિકાના એક ભાવિક બેનની પુત્રી, તેના પતિ સાથે પૂ. શ્રી પાસે લગ્નના આશીર્વાદ લેવા આવે છે. સર્વેશ્વરી પૂ. શ્રીને એ વાત જણાવે છે, તો પૂ. શ્રી જવાબમાં કહે છે, આશીર્વાદ કહીને આપવાના ન હોય. આશીર્વાદ તો રોમે રોમમાંથી મળે, આશીર્વાદ અંતરમાંથી મળે.

તે સૌ વિદાય પણ થાય છે. ત્યાં વળી ભટ્ટસાહેબ એક પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : ગાયત્રી ઉપાસકો સૂર્યના મૂળ તેજનું ધ્યાન ધરીએ છીએ એમ કહે છે તો તે મૂળ પ્રકાશ ને પ્રભુનું સાકાર સ્વરૂપ એ બંનેમાં ગુણવત્તાની દૃષ્ટિએ કંઇ તફાવત ખરો?

પૂ. શ્રી : જેને મૂળ પ્રકાશ પર પ્રેમ છે, તે તે જ મૂળપ્રકાશ જોવા ઇચ્છે. પણ તે જ પ્રકાશ આકારમાં સીમિત થતો નથી.



ઈશ્વર સાકાર કે નિરાકાર હોય પણ તે સીમિત નથી હોતા. આકાર સાથે પણ પ્રકાશ તો આવે જ ને! પ્રકાશ (જ્યોતિ) એ મૂળસ્વરૂપ છે. પ્રથમ પ્રાદુર્ભાવ જ્યોતિસ્વરૂપ છે. પછી આકાર તો આવે.

એક ભાઇ (એન્ડોલાના શ્રી બચુભાઇના ભાઇ) પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે :

પ્રશ્ન : હું એક કલાક જપ કરું છું. પણ મન સ્થિર થતું નથી. તો આપ આશીર્વાદ આપો. આંખ બંધ કરું તો બીજાં જ ચિત્રો ચાલુ થઇ જાય છે.

પૂ. શ્રી : તમે તમારા જ આશીર્વાદ મેળવોને. જુઓ તમે ૨૩ કલાક કોની માળા કરો છો? જેના જપ ૨૩ કલાક ચાલે છે તે સંસારના વિષયોના જપ કરવાની જીવને ટેવ પડી છે. તે કેવી રીતે જશે?

૨૪ કલાકમાંથી એક જ કલાક જપ કરવા બેસો એટલે વગર ટીકીટનું સિનેમા જપ કરતાં પણ ચાલુ થઇ જાય છે. તો સવારે ૧ કલાક, સાંજે ૧ કલાક બેસો. આંખ ઊઘાડી રાખીને હોઠથી જપ કરો. થોડી વાર આંખ મીંચો, વળી વિચારો આવે તો ફરી આંખ ખોલો ને પ્રભુની તસ્વીર જોયા કરો. વચ્ચે વચ્ચે પ્રભુને પ્રાર્થના કરો : "હે પ્રભુ! મારું મન સ્થિર કરો." પ્રાર્થનાથી આનંદ આનંદ થશે. એ રીતે કરો તો સારું, મનને ધીરે ધીરે અનુકૂળ બનાવવું પડે.

તે જ ભાઇ વળી પ્રશ્ન પૂછે છેઃ–

પ્રશ્ન : તમે મારા ઘરે ક્યારે પધારશો?

પૂ. શ્રી : તમે રહો છો તે ઘર તમારું છે? અરે! આ ઘરમાં (શરીરમાં) બેઠા છો તે પણ તમારું છે? ના, જે તમારું અસલ

ઘર છે ત્યાંજ લઇ જાઓ ને! (પૂ. શ્રી આખીયે વાતને આધ્યાત્મિક અર્થવાળી કરે છે) પછી સામાન્ય વાતો કરતાં કહે છે, હું માતાજીના સ્વર્ગવાસ પછી કોઇના ઘરે જતો નથી. પહેલાં પણ ખાસ જતો ન હતો.

ત્યાં જ એક ભાઇ સામે બેઠા હતા, તેમને પૂ. શ્રી પૂછે છે : તમારે ત્યાં કેટલા વરસે આવેલા?

**તે ભાઇ :** ત્રણ ચાર વરસ પછી.

**પૂ. શ્રી :** (સર્વેશ્વરીને) તમારે ત્યાં કેટલા વરસે આવેલો?

**સર્વેશ્વરી :** સાત આઠ વરસે, અને તે પણ પાંચ જ મિનિટ માટે.

શ્રોતાઓ શાંતિથી વાતો સાંભળે છે. ત્યાં સર્વેશ્વરી ઇંગ્લેન્ડથી કેશવભાઇ આવ્યા છે એમ પૂ. શ્રીને કહે છે, જેથી ઇંગ્લેન્ડની વાતો શરૂ થઇ. કેશવભાઇ દેશના એમના સ્વજનો માટે અધ્યાત્મ-નું આજીવન સભ્યનું લવાજમ ભરે છે, થોડી વાતો થાય છે.

સમય થઇ જતાં પ્રસાદ લઇ સૌ છૂટા પડે છે. પૂ. શ્રી આરામ કરતાં કરતાં પેપર વાંચે છે. થોડો આરામ કરે છે. સર્વેશ્વરી ૩ વાગ્યા સુધી પત્રો લખાવે છે. ત્યારબાદ પૂ. શ્રી સાથે સર્વેશ્વરી હળવો નાસ્તો-કેરી, સેવમમરા વગેરે લે છે. પછી પૂ. શ્રી અને સર્વેશ્વરી લેખનકાર્ય કરવા બેસે છે. છ વાગ્યા સુધી લેખનકાર્ય કરી પ્રવચનમાં જવા માટે તૈયારી થાય છે.

સમયસર પૂ. શ્રીને લેવા માટે વાહન આવી જાય છે, એટલે પ્રવચન સ્થળે પહોંચી જવાનું બને છે. પણ તે પહેલાં શ્રી લેખડીયાનાં પત્નીને પૂ. શ્રી માર્ગદર્શન આપે છે.

તે બહેન ધ્યાનમાં પૂ. શ્રીની આકૃતિ જુએ છે તો પૂ. શ્રી કહે



છે એકાગ્રતા ગણાય. એ રીતે વધુ ને વધુ ધ્યાનમાં બેસો તો લાંબે ગાળે ધ્યાનથી દેહભાન ભુલાય. વધારે બેસાય તો બેસવું.

આજે પ્રવચન બાદ પૂ. શ્રીએ શ્રી રામભક્ત આવ્યા હોવાથી તેમને ભજન સંભળાવવા પ્રાર્થના કરી. પરિણામે દસેક મિનિટ પૂ. શ્રીની સૂચનાથી શ્રી રામભક્તે શ્રોતાઓને મનોરંજન સાથે જ્ઞાન પીરસ્યું. પ્રવચન બાદ ઉતારા પર આવી ગયા. ખીચડી ને દૂધનું ભોજન પૂ. શ્રીએ લીધું. પ્રવચન સ્થળેથી એક બેન (કંચનબેન) તેમને પહોંચવાનું સ્થળ અજાણ્યું હતું જેથી તે પહોંચ્યા કે કેમ તેની ચિંતા સર્વેશ્વરી કરે છે. પૂ. શ્રી આશ્વાસન આપતાં કહે છે "તમે શા માટે ચિંતા કરો છો? પ્રભુ એની ચિંતા ન કરે? પહોંચી જશે એ તો."

અને વળી ભોજન બાદ પણ ફરી એ જ પ્રશ્ન પૂછતાં પૂ. શ્રીએ પરમશક્તિનો સંપર્ક સાધી કહ્યું : પહોંચી ગયાં છે. સારી રીતે પહોંચી ગયાં છે. આવતીકાલે આવવાનાં છે ને, ત્યારે તેમને પૂછી જોજો.

દસ વાગ્યે ડાયરીની નોંધ પૂર્ણ કરી આરામ કરવાનું બને છે.

હરિઃ ૐ

(ક્રમશઃ)

બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ મ. મહેતા

## સંવાદ ત્રીજો

જે પદાર્થ, વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ ઈશ્વર સમીપે લઈ જનારી નથી, એવો સહેજ સરખો ખ્યાલ આવતાં હું તેનો ત્યાગ કરતો. મુક્ત મન અને સરલ ચિત્તે ઈશ્વર સાથે વાર્તાલાપમાં સાતત્ય જળવાય રહે તે માટે આ આવશ્યક છે. ઈશ્વર આપણી અત્યંત નિકટ છે, તેથી એકે એક ક્ષણે તેની સાથે વાર્તાલાપ ચાલુ રાખી શકાય છે, ડગલે પગલે તેની મદદ માગી શકાય છે. જે બાબતો સંદેહાત્મક કે સંશયાત્મક હોય, તેમાં તેની શું ઇચ્છા છે તે જાણી શકાય છે. જે કાર્યો તે આપણી દ્વારા કરાવવા ઇચ્છે છે, તેમ આપણે સ્પષ્ટ રીતે જોઈ–સમજી શકીએ છીએ, તેમને ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરી શકાય અને તે થઈ ગયા પછી તેનો અંતઃકરણપૂર્વક આભાર માની શકાય. આ બધું હવે કુદરતી ક્રમમાં આપોઆપ શ્વાસોચ્છ્વાસની જેમ ચાલ્યા કરે છે.

ઈશ્વર સાન્નિધ્યની સાધનામાં આપણે સતત રીતે ઈશ્વરના ગુણગાન ને મહિમા ગાવામાં, તેને પ્રેમ કરવામાં તેની મનોપૂજા કરવામાં રોકાયેલા રહી શકીએ છીએ અને તેની અનંત ભલમનસાઈ અને તેની પૂર્ણતાનો ખ્યાલ આવતાં અહોભાવથી આનંદવિભોર બનીએ છીએ. સ્વભાવસહજ નિર્બળતાઓને કારણે કેટલીક વાર વિકર્મ (નિષિદ્ધ કર્મ) થઈ જાય ત્યારે હતાશ થયા



વિના કે હિંમત હાર્યાવિના આપણે પૂર્ણ વિશ્વાસ સાથે તેની કૃપાની યાચના કરવી જોઈએ, આપણા પ્રભુની અનંત ઉદારતા ઉપર આપણે નિર્ભર રહેતાં શિખવું જોઈએ. સર્વશક્તિમાન ઈશ્વર આવા પ્રત્યેક વિકર્મને નિહાળે છે. તેની મદદની યાચના કરવી ભૂલી જવાય અને મન ઈશ્વર સાન્નિધ્યથી દૂર ભટકવા ચાલ્યું જાય, અથવા તેની મદદની યાચના કરવાનું રહી જાય તો ય ઈશ્વર તેના આ રંક–દીન સંતાનને ઉદારતાપૂર્વક માફ કરી દઈ, ભક્તોને દિગ્મૂઢ કરી દે છે, આ મારા અનુભવની વાત છે.

ઈશ્વરને પ્રસન્ન કરવા સિવાય બીજી કોઈ નેમ ન હોય ત્યારે આપણી ઘોર સમસ્યાઓમાં ને શંકાઓમાં ઈશ્વર હંમેશાં યોગ્ય સમયે પ્રકાશ આપીને તે દૂર કરે છે કે તેનો ઉકેલ સૂચવે છે. સામાન્ય રીતે આપણે આપણા સ્વાર્થ ખાતર દરેક કાર્ય કરતા હોઈએ છીએ તે પરમાર્થ ખાતર કરવા તે કાર્યોને બદલવાની જરૂર નથી. પરંતુ તે ઈશ્વર ખાતર કરવાથી તે પરમાર્થરૂપ બને છે.

કેટલાય લોકો દુર્ભાગ્યે સાધનને જ સાધ્ય ગણવાની ભૂલ કરે છે, પરિણામે તેઓને કેટલાંક કાર્યો કરવાનું વ્યસન પડી જાય છે; માનવ સહજ નિર્બળતા અને સ્વાર્થી ગણત્રી સાથે કાર્યો કરવાથી તે કદીય બરાબર યોગ્ય રીતે થઈ શકતાં નથી.

ઈશ્વર સમીપે જવાની શ્રેષ્ઠ પદ્ધતિમાં, આપણાં દૈનિકક્રમનાં બધાં નાનામાં નાના કાર્યો–કર્તવ્યો–માણસોને ખુશ કરવા કદિય કરવાં ન જોઈએ, એવી સમજપૂર્વક જ કરવાં ઘટે, તેમ મને લાગ્યું હતું. આપણાથી બની શકે તેટલી હદે, તે કેવળ ઈશ્વરના પ્રેમ ખાતર જ કરતાં, આપણે શિખવું જોઈએ.

"ઈશ્વરની પ્રાર્થના કરવા માટેનો એક વિશિષ્ટ બીજા કાર્યોના

સમયથી ભિન્ન એવો ખાસ સમય જ હોવો જોઇએ." તેના જેવી બીજી મોટી ભ્રમણા કોઇ નથી. આપણે કામ કરતા હોઇએ ત્યારે પણ, આપણે માટે તેના જેવો પ્રાર્થના કરવા માટેનો તેના જેવો સમય બીજો કોઇ નથી. પ્રાર્થના કરવા માટેના સમયે જેટલા ભાવથી કરીએ, તેટલી જ ઉત્કટતાથી આપણે રોજિંદા કામ પ્રાર્થનાપૂર્વક જ કરતાં શિખવું જોઇએ.

મારા માટે તો ઈશ્વરની સન્નિધિની લાગણી એ જ ખરી પ્રાર્થના હતી. એવા સમયે મારું મન દિવ્ય પ્રેમ સિવાયની બીજી એકે એક બાબત પ્રત્યે બેધ્યાન બની જતું. જ્યારે પ્રાર્થના માટે નિશ્ચિત કરેલો સમય વીતી જતો ત્યારે મને કોઇ તફાવત જણાતો નહિ, કારણ તે વખતે પણ મારું મન ઈશ્વરના સાન્નિધ્યમાંથી ચલિત થયું ન હતું. પૂરા મનથી ઈશ્વરના નામ–ગુણ–લીલાનાં ગાન કરવાનું મારું કામ સતત ચાલુ જ રહેતું હતું. તેમ છતાં આમાં કંઇ દોષ કે ક્ષતિ રહી ગયાં હોય તો તે બદલ ઈશ્વર મને સજા કરશે તેવી આશા–આશંકા મને રહેતી ખરી જેથી હું વધુ ઈશ્વર સન્મુખ બનું.

ઈશ્વરમાં પૂર્ણ વિશ્વાસ આપણે રાખવો ઘટે. અથવા રાખતાં સતત શિખવાનું ચાલુ રાખવું જોઇએ. આ માટે તેને આપણું સંપૂર્ણ આત્મસમર્પણ કરવું જોઇએ. અને ખાત્રી રાખવી જોઇએ કે તે કદીય પોતાના પ્રેમી ભક્તને ભૂલતો નથી. નાનામાં નાના કામ ભગવદ્‌પ્રેમ ખાતર કરતાં કદીય કંટાળવું ન જોઇએ. કારણ ઈશ્વર કોઇ પણ કાર્યનું મહત્ત્વ તેના 'મોટાપણા'થી આંકતો નથી. પણ તે કેવા ભાવપૂર્વક કરવામાં આવ્યું છે તે જ તે જુએ છે.

પ્રારંભમાં આપણા પ્રયત્નોમાં વારંવાર નિષ્ફળ જઇએ તો



આપણે નવાઇ પામવું ન જોઇએ. જેટલી વાર નિષ્ફળ જઇએ તેટલી વાર ફરી પાછા ઊભા થઇ પ્રયત્નો કરવાનું ચાલુ રાખવું જોઇએ. આમ સતત અભ્યાસ કરવાથી આપણા પ્રયત્નો આપો-આપ, આપણી જાણ બહાર થતા રહેશે, જેનો ખ્યાલ આવતાં જ આપણું હૃદય પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી આનંદવિભોર બની જશે.

ધર્મનું સારતત્ત્વ છેઃ–શ્રદ્ધા, આશા અને ઈશ્વર પ્રેમ. તેના અભ્યાસથી આપણે ઈશ્વરની ઇચ્છા સાથે તાલ–સે–કદમ જોડાઇ-એ છીએ. આ સિવાયનું બીજું બધું નિરર્થક કે મહત્ત્વવિનાનું કે ગૌણ છે. તેનો ઉપયોગ સાધન તરીકે કરવો જોઇએ જે દ્વારા આપણે સાધ્યની દિશામાં આગળ વધી શકીએ અને શ્રદ્ધા અને ઈશ્વર પ્રેમના મહાસાગરનાં તરંગો બની જઇએ.

જે માને છે તેને માટે બધું શક્ય છે, જે વિશ્વાસ રાખે છે તેને માટે બધું ઓછું મુશ્કેલીભર્યું બની જાય છે, જે પ્રેમ કરે છે તેને માટે તે કરવું વધુ સહેલું બની જાય છે અને આ ત્રણેય જેની પાસે છે તેને માટે તો બધું અશક્ય શક્ય બની જાય છે.

આપણા જીવનનું એક માત્ર ધ્યેય, આ જ જન્મમાં, બની શકે તેટલા વધુ ઈશ્વરના પરિપૂર્ણ ભક્ત બનવાનું હોવું જોઇએ. જે આપણે અનંત–શાશ્વત કાળ સુધી, ત્યારબાદ બની રહેવા જ માગીએ છીએ.

(ક્રમશઃ)

## * કૂટી કરતાલો ! *

મેં તો ભવ ભવ કૂટી કરતાલો !
મારા ભવનો ન તોય આયો આરો !
મારી નાવડી ન દેખે કિનારો !
ખેવૈયા ! ડૂબતીને પાર ઉતારો
કનૈયા ! દેખાડો આરો–ઓવારો. મેં તો૦
મારાં સઢ ને સુકાન સૌ બેદલ ઠર્યાં,
મારી નાવઢીમાં પાણ ને છીપલાં ભર્યાં;
મોતી સાચુકલાં છાંડી, ફટાકિયાં ધર્યાં !
મારા સોના સરવાળા થયા સાઠ
હિસાબ સહુ સૂતરા કરો;
મારાં જીવતર કરો રળિયાત,
પરમધન પ્રભુતા ભરો. મેં તો૦
ન તોય મારા ભવનો આયોજી આરો !
મારી ડૂબતી તે નૈયાને તારો
કનૈયા ! દેખાડો સુધો કિનારો. મેં તો૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧




## * પ. પૂ. માને ચરણે *

(ગાન)

માની એવી રીત, જોવું સૌનું હિત,
વિભુને મારગ ચાલે એને આશીષ ઉરની દેવી,
પ્રોત્સાહનથી પ્રેરી એને ઉજ્જવળ કેડી દેવી
જીવનનું એ મિત,
એમાં સૌનું હિત,
માની એવી રીત,
જગજીવનમાં ખાડાખૈયા પડતા કંઈક [illegible]
રાહ દેખાડે સૌને 'મૈયા' જીવનજ્યોત [illegible]—
શક્તિ દિવ્ય ખચિત,
માની એવી રીત.
યોગેશ્વરની કૃપા ઘણી ને પરમેશ્વરની પ્રીત,
સાધક દીવાદાંડી 'મા' છે થાય સુજનની પ્રીત—
જોવું સૌનું હિત,
માની એવી રીત,
માની મમતા, માની સમતા માનું હેત અજોડ,
સંત સમી એ આપે શાતા તપનું રૂપ અમોલ
ભાંગે ભવની ભીત,
માની એવી રીત.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## * પ્રાર્થના *

( શિખરિણી ! )

કૃપાળુ શંભુની પરમ કરુણાના ફળ રૂપે
મળ્યા ઓચિંતાના ઉચિત સમયે અમૃત તળે !
અહો આવ્યા મારા જીવનમહિ રે તે સમયથી
અજંપાનો અગ્નિ નિશદિન જલે અંતરતલે !
નકામી વીતી રે પળ સકળ મોંઘા જીવનની
રહી દૃષ્ટિ મારી વિષય રસમાં લીન અતિશે !
કર્યા ભોગો તેની સ્મૃતિમહિ રહ્યો રાચી મદથી
બધી કીધી શાને ગડમથલ તે હું ન સમજ્યો !
લગી રે ના લાધ્યું કંઈ તદપિ યે, નષ્ટ સઘળી
મળેલી સંપત્તિ અરર કરી, કેવો અબુધ હું
વિપત્તિના ઘેરા ઘન ઉમટતાં જોઈ ભયથી
રહ્યો પ્રાર્થી હાવા શરણમહીં રાખો પ્રિય મને !
રડે હૈયું, ઝંખે, સતત તલસે, વૃષ્ટિ કરજો
કૃપાની આ મારા ક્ષુભિત મનને શાંત કરજો !

— પરમાર્થી

વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *

ડો. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩



શ્રી રાજર્ષિ મુનિ સાથે પૂ. દાદાજીનો

# દિવ્ય વાર્તાલાપ

પ્રવક્તા : પ. પૂ. રાજર્ષિ મુનિજી

[પ. પૂ. શ્રી રાજર્ષિ મુનિનો પ. પૂ. દાદાજી (ભગવંત લકુલીશજી) એ આપેલ દિવ્ય દર્શનની વાત અધ્યાત્મના નવેમ્બર ૧૯૯૫ ના અંકમાં સહુએ વાંચી હશે. ન વાંચી હોય તો ફરી વાંચી જવા અમારી ભલામણ છે.

શ્રી દાદાજી જેવા દિવ્ય પુરુષે શ્રી રાજર્ષિ મુનિ સાથે જે વાર્તાલાપ કર્યો છે અને માર્ગદર્શન આપ્યું, તે અન્ય સાધકોએ પણ સમજવા જેવું છે. એટલે શ્રી રાજર્ષિ મુનિના પોતાના શબ્દોમાં જ તે અત્રે રજુ કરીએ છીએ.

બીજી એક વાત. પ. પૂ. દાદાજી અને શ્રી રાજર્ષિ મુનિ વચ્ચે થયેલ સંપૂર્ણ સંવાદનો આમાં સમાવેશ કરેલ નથી. જેઓને તે બધો વાંચવાની જીજ્ઞાસા હોય તેઓને 'ઉર્જા'નો સપ્ટેમ્બર, ૧૯૯૫ નો અંક મેળવી વાંચી લેવા ભલામણ છે. —તંત્રી]

માનવીના શારીરિક અને માનસિક વિકાસની સાથે જો એનો આધ્યાત્મિક વિકાસ પણ થાય તો જ માનવીમાં સાચી સંસ્કારિતા જન્મે. આધ્યાત્મિકતાવિનાની સંસ્કારિતા અપૂર્ણ જ રહે. માનવનું સર્જન જ ઈશ્વરે એને ઊર્ધ્વગામી બનાવવાના હેતુથી કર્યું છે, અધોગામી બનાવવા નહીં. ભારતના અવતારી પુરુષો અને ઋષિ–મુનિઓએ માનવ સંસ્કૃતિના સર્વાંગી વિકાસની દિશામાં શ્રેષ્ઠ ફાળો આપ્યો છે. તેઓએ સર્વોચ્ચ આધ્યાત્મિક શિખરો સર કરી માનવ સંસ્કૃતિને કેટલાંક સનાતન મૂલ્યો આપ્યાં છે. અને

સનાતન મૂલ્યોના જતન દ્વારા ભારતીય સંસ્કૃતિએ કેટલીક ઉત્કૃષ્ટ પરંપરાઓ પાડવાનું કાર્ય કર્યું છે. ભારતીય સંસ્કૃતિ આજે પણ સાર્વત્રિક આદર અને આવકાર પામી સમગ્ર વિશ્વને માર્ગદર્શન પૂરું પાડી શકે છે કારણ કે તેમાં માનવજાતને સ્વીકાર્ય બને એવાં મૂળભૂત સનાતન મૂલ્યો પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે. ભારતીય સંસ્કૃતિમાં માનવ સંસ્કૃતિ બનવાની પૂરતા પ્રમાણમાં ક્ષમતા છે. એટલે આ સંસ્કૃતિનાં સનાતન મૂલ્યોની તરફેણમાં દેશ–વિદેશમાં પ્રબળ લોકમત કેળવવાના હેતુથી પ્રબોધન અભિયાન શરૂ કરવાનું છે. ધીમે ધીમે વિશ્વમાં શાંતિ, નીતિ, સાત્ત્વિકતા અને આધ્યાત્મિકતાનું વાતાવરણ ઊભું કરવાનું કાર્ય પ્રબોધન અભિયાન દ્વારા હાથ ધરવાનું છે.

ભગવન્! આપની આધ્યાત્મિક પરંપરા દ્વારા અમલમાં મૂકવાની યોજનાની આપે ટૂંકમાં જે ઝાંખી કરાવી તેના પરથી હું એમ સમજ્યો છું કે જગતમાં નૈતિકતા, સાત્ત્વિકતા અને આધ્યાત્મિકતા વધે તે માટે અમારે પ્રબોધન અભિયાન શરૂ કરવાનું છે. એમ થાય તો જ વિશ્વમાં માનવજાત સુસંસ્કૃત બની શાંતિપૂર્વક જીવી શકે.

તું બરાબર સમજ્યો છે. જો માનવ વ્યવહાર નૈતિક, સાત્ત્વિક અને આધ્યાત્મિક મૂલ્યો અનુસાર રચાય તો જ માનવજાતનો ઉત્કર્ષ થાય. નૈતિકતા, સાત્ત્વિકતા અને આધ્યાત્મિકતા એ ત્રણ સંસ્કૃતિના આધારસ્તંભો છે. નૈતિકતા સંસ્કૃતિનો પાયો છે. સાત્ત્વિકતા એની ઇમારત છે અને આધ્યાત્મિકતા એનું શિખર છે. જગતના માનવીઓમાં પરિગ્રહવૃત્તિ વધે છે તેથી અનેક અનર્થો ફેલાય છે. એટલે માનવીએ જરૂરિયાતો ઓછી કરી સાદું જીવન જીવતાં શીખવું જોઇએ. ભારતીય સંસ્કૃતિ સાદાઇયુક્ત જીવન શીખવે છે. પરંતુ પરિગ્રહવૃત્તિ વધતાં જગતમાં સ્વાર્થયુક્ત સ્પર્ધા



વધે છે. તેનાથી લોકો નૈતિકતાને નેવે ચડાવવા લાગી જાય છે. આ સડો સમાજમાં ફેલાતાં વાર નથી લાગતી. અને ભ્રષ્ટાચાર શિષ્ટાચાર ગણાવા લાગે છે. ભ્રષ્ટાચાર વ્યાપક બને ત્યારે સાત્ત્વિક શીલવંત લોકો ગણ્યા ગાંઠ્યા જ રહે છે. મોટા ભાગના લોકો રાજસિક–તામસિક પ્રવૃત્તિઓમાં જ રચ્યાપચ્યા રહે છે. સાત્ત્વિક પ્રવૃત્તિ કરનાર ભાગ્યે જ જોવા મળે છે. થોડીક સાત્ત્વિક વ્યક્તિઓ પણ ભલમનસાઇના અચંળા હેઠળ નિષ્ક્રિય બેસી રહે તો સમાજમાં અધર્મ વધુ જોર પકડે છે. આવા સમયે જે સાચા સાધકો આધ્યાત્મિકતાનું ભાથું બાંધીને બેઠા છે એમના પર સંસ્કૃતિના પુનરુત્થાનની અર્થાત્ સમાજમાં નીતિ અને ધર્મના પુનઃ સ્થાપનની જવાબદારી આવી પડે છે. એ સમયે ફરજ બજાવવામાં સાધના પરસ્તી કે વિરક્તિ તેમની મર્યાદા ન બનવી જોઇએ. આવા સમયે સંસ્કૃતિના પુનરુત્થાનની જવાબદારી તેમને માટે સર્વોપરી બની રહેવી જોઇએ. નીતિ, ધર્મ અને અધ્યાત્મનાં બીજ જો તપસ્વીઓ પોતાના હૃદયની તિજોરીમાં સંઘરી રાખે તો એ બંધિયાર બીજમાંથી અંકૂર ન ફૂટે, તો પછી તેમાંથી વૃક્ષ બનવાની કે ફળ ફૂલની તો વાત જ ક્યાં રહી? બીજ હંમેશાં પોતાના અસ્તિત્વનું વિસર્જન કરી અનેક બીજોનું સર્જન કરવા તૈયાર હોય છે. એ રીતે તપસ્વીએ પણ નીતિ, ધર્મ અને અધ્યાત્મના બીજને પાંગરવા દઇ અન્યને પણ એની અનુભૂતિ થાય એ માટે વિશ્વ સંચાલક શક્તિના નિમિત્ત બની પ્રવૃત્તિ કરવી જોઇએ.

પ્રભુ! આપે અહીં 'ધર્મ' શબ્દ વાપર્યો છે તે કોઇ સાંપ્રદાયિકતાના અર્થમાં નથી એમ હું સમજું છું. આપે એને સામાજિક નીતિ–નિયમ જેવા વ્યાપક અર્થમાં જ વાપર્યો હોય તેમ લાગે છે.

તારું અનુમાન બરાબર છે. ભારતીય સનાતન ધર્મનો સાચો અર્થ છે. માનવ સંસ્કૃતિની શાશ્વત ટકી રહેનારી જીવનપદ્ધતિ. જે

પદ્ધતિ અન્ય સંસ્કૃતિઓના સંસર્ગમાં આવવા છતાં પોતાની મૌલિકતા ખોઇ ન બેસે. પરંતુ અન્ય સંસ્કૃતિઓની સરખામણીએ પોતાની સર્વોપરિતા પ્રસ્થાપિત કરી શકે, તે જ શાશ્વત ટકી શકે. ભારતીય સંસ્કૃતિનાં આવાં લક્ષણો છે તેથી જ એ સનાતન ધર્મ તરીકે ઓળખાય છે.

પ્રભુ! સાંપ્રત જગતમાં 'ધર્મ' શબ્દનું ખોટું અર્થઘટન થતું હોવાથી ઘણા લોકોને 'ધર્મ' શબ્દ સાંભળતાં સૂગ ચડવા લાગે છે. ખાસ કરીને આધુનિક વિજ્ઞાનનો ફેલાવો વધતાં લોકો ધર્મને ધતિંગ કહેવા લાગ્યા છે. આવી પરિસ્થિતિમાં 'ધર્મ' શબ્દનો 'જીવનપદ્ધતિ'ના અર્થમાં પણ ઉપયોગ કરવાનું મને હિતાવહ જણાતું નથી.

બેટા! તારું મંતવ્ય યોગ્ય નથી. વૈજ્ઞાનિક સંશોધનોને કારણે જગતમાં શક્તિનો સ્ફોટ થતો રહેશે. એ શક્તિને સાત્ત્વિકતા અને સંયમની લગામ દ્વારા જો માનવી નાથી નહિ શકે તો એ રાક્ષસી-રૂપ ધારણ કરશે, માનવ સમાજને એ અધઃપતન અને સર્વનાશ-ના માર્ગે લઇ જશે. આવા હાનિકારક પરિણામને અટકાવવા માટે ધર્મની લગામથી વિજ્ઞાનને અંકુશમાં રાખવું પડશે. ધર્મ એટલે સાંપ્રદાયિકતા નહીં. આ ધર્મ એટલે સાત્ત્વિકતા, સચ્ચાઇ, સંયમ અને સદાચારનો સરવાળો. ભારતીય શાસ્ત્રો જેને ધર્મ કહે છે તે સ્વયં અવિનાશી તત્ત્વ છે. તેથી જ ભારતીય ધર્મ સનાતન છે. આ ધર્મ સર્વ જગતનો આધાર છે અને સર્વગુણોનું ઉત્પત્તિ સ્થાન છે. આ ધર્મ માનવ માત્ર માટે આ લોકમાં જ નહીં કિન્તુ પરલોકમાં પણ સર્વથા કલ્યાણકારી છે. આ ધર્મ અતિ સૂક્ષ્મ અને ગહન છે. એના સાર્વત્રિક સ્વીકાર વિના વિશ્વ સમાજ શાંતિ અનુભવી શકે તેમ નથી. આવા ધર્મ પ્રત્યે સૂગ દાખવવી યોગ્ય



નથી. હા, જે ધર્મ સાંપ્રદાયિકતાના વાડામાં પુરાઇને સંકીર્ણ બની જાય છે તે ધર્મ સનાતન રહેતો નથી. સાંપ્રદાયિક ધર્મની વિચાર-સરણી બંધિયાર બની જાય છે. એ સારા નવીન સિદ્ધાંતો કે મૂલ્યોને આવકારી શકતી નથી. આવી બંધિયાર વિચારસરણી ધરાવતો ધર્મ સુગંધને બદલે દુર્ગંધ ફેલાવે છે. પરિણામે લોકોને એવા ધર્મ પ્રત્યે સૂગ ચડે એ સ્વાભાવિક છે. ભારતીય સનાતન ધર્મ બંધિયાર નથી. એ તો પોકારે છે કે–**आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः** (અર્થાત્ અમને ચારેય દિશાઓમાંથી શ્રેષ્ઠ કાર્યો કરાવનાર વિચારો કે મૂલ્યો પ્રાપ્ત થાઓ.) અન્ય ધર્મ કે સંસ્કૃતિ- માંથી પણ સાચું અને શાશ્વત મૂલ્ય ધરાવતું કંઇ પ્રાપ્ત થતું હોય તો તેને ગ્રહણ કરતાં અચકાવું જોઇએ નહીં.

ભગવન્! ધર્મ સાંપ્રદાયિકતામાં પુરાઇ ન જાય એ માટે શું કરવું જોઇએ?

એકેશ્વરવાદ એનો ઉત્તમ ઉપાય છે.

આપે મારા ગુરુદેવને એકેશ્વરવાદનો સિદ્ધાંત આપ્યો છે એટલે આપની આધ્યાત્મિક પરંપરા દ્વારા એનો જ પ્રચાર થાય છે. સનાતનધર્મમાં અનેક દેવી–દેવીઓનો ઉલ્લેખ થતો હોવાથી કેટલાક વિદ્વાનો અને અનેકેશ્વરવાદી ધર્મ માને છે. તો આ બાબતમાં પણ થોડી સ્પષ્ટતા કરવા કૃપા કરો.

સનાતન ધર્મ વાસ્તવમાં એકેશ્વરવાદી જ છે, પરંતુ એનો એકેશ્વરવાદ અન્ય ધર્મોના એકેશ્વરવાદ જેવો નથી. આ કારણે કેટલાક લોકો એને અનેકેશ્વરવાદી સમજવાની ભૂલ કરે છે. અન્ય ધર્મો માને છે કે 'ઈશ્વર એક છે અને એ ઉપરના સ્વર્ગમાં રહીને સ્વર્ગ, પૃથ્વી અને નરક પર અનુશાસન ચલાવે છે અને માનવી-ઓના પાપ–પુણ્યનો ફેંસલો આપે છે. એના સિવાય બીજો કોઇ

દેવ ક્યાંય નથી. એ ઈશ્વર એના પુત્ર કે પયગંબરો મોકલી તેમના દ્વારા આવશ્યક કાર્યો કરાવે છે અને પૃથ્વીના માનવીઓ માટે યથા સમયે જરૂરી આદેશો પણ મોકલાવે છે.' સનાતન ધર્મનો ઈશ્વર કોઈ સ્વર્ગમાં રહેતો નથી. એ સ્વર્ગની સીમાઓ કે સમગ્ર બ્રહ્માંડની સીમાઓથી પણ બહાર વ્યાપક છે અને તેમ છતાં એ બ્રહ્માંડના અણુએ અણુમાં સમાયેલો છે. બૌદ્ધિકોની કલ્પનામાં આ હકીકત સહેલાઈથી ઊતરી શકે તેવી નથી. માત્ર ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા જ એની વાસ્તવિકતા સમજી શકાય છે. સનાતન ધર્મ અનુસાર અનેક સ્વર્ગો છે જેમાં સર્વોચ્ચ ઈશ્વર નહીં પણ ઓછાવત્તા દૈવી અંશવાળા અને માનવોથી વધુ શક્તિશાળી દેવી–દેવતાઓ વાસ કરે છે. આવા તેત્રીસ કરોડ દેવી–દેવતાઓ છે. આ બધામાં ઈન્દ્ર, વરુણ, અગ્નિ, વાયુ, યમ વગેરે મુખ્ય ગણાય છે. એ સર્વમાં પણ ઈન્દ્ર શ્રેષ્ઠ છે અને એ સ્વર્ગ, પૃથ્વી અને નરક પર અનુશાસન ચલાવે છે. પૃથ્વીલોકના માનવીઓના પાપપુણ્યના ફેંસલા કરવાનું કાર્ય ઈશ્વરે યમરાજને સોંપ્યું છે. આ યમરાજનું બીજું નામ ધર્મરાજ પણ છે. અન્ય ધર્મોનો ઈશ્વર જે કાર્ય કરે છે તે સનાતન ધર્મનો યમરાજ કરે છે. આ યમરાજ દેવોના રાજા ઈન્દ્રને આધિન અને ઈન્દ્ર સૃષ્ટિના સર્જક બ્રહ્માને આધિન છે. વળી બ્રહ્મા સનાતનધર્મ જેને ઈશ્વર કહે છે તેની આજ્ઞાને આધિન વર્તે છે. આમ સનાતન ધર્મનો એકેશ્વરવાદ અન્ય ધર્મોના એકેશ્વરવાદથી વધુ ઉન્નત છે. વળી, એક જ ઈશ્વરને સર્વોપરિ માનવા છતાં સનાતન ધર્મ દૈવી અંશ ધરાવતા દેવી–દેવતાઓને પણ ઈશ્વરના અંશીસ્વરૂપ સમજીને તેમને પણ ઈશ્વરની માફક પૂજી, પ્રસન્ન કરી અને કૃપા મેળવવાની છૂટ આપે છે. એ રીતે સનાતન ધર્મ અન્ય ધર્મોની સરખામણીએ ઉદ્દાત પણ છે.



પ્રભુ! એકેશ્વરવાદની આપે જે સમજુતિ આપી તેનો સાર એવો કહી શકાય કે ઈશ્વર એક જ હોવા છતાં એ પોતાના દૈવી અંશે અનેક નાનાં–મોટાં સ્વરૂપે વિશ્વ સંચાલનનું કાર્ય કરે છે. આથી એની નાનાં કે મોટા કોઈ પણ સ્વરૂપે શ્રદ્ધાપૂર્વક આરાધના કરવાથી એ એક જ ઈશ્વરની ભક્તિ થાય છે તેમ સમજવું.

તું બરાબર સમજ્યો છે. છતાં એટલી સ્પષ્ટતા કરવી જરૂરી સમજું છું કે માત્ર ઈશ્વરને જ ભજવાનું જે ફળ મળે છે તે દેવી–દેવતાઓને ભજવાથી નથી મળતું. ફળ તો બધાને ઈશ્વર જ આપે છે. દેવી–દેવતાઓ પ્રસન્ન થઈને જે ફળ આપે તે પણ ઈશ્વરે નક્કી કર્યા મુજબનું જ હોય છે, પરંતુ તે નાશવંત હોય છે. માત્ર ઈશ્વરને જ ભજવાથી જે ફળ મળે છે તે અનંત હોય છે. આ રીતે દેવી–દેવતાઓની આરાધના કરતાં ઈશ્વરની આરાધના ચડિયાતી અને શ્રેષ્ઠ છે. (પૂર્ણ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# બેરિસ્ટર મોહનભાઈની જીવનકથા

જ્યોત્સ્નાબેન ત્રિવેદી

ધાંગધ્રા નરેશનું ભાવપૂર્ણ આતિથ્ય માણી અને એક નવી આશાનું કિરણ લઈ મોહનભાઈએ પોતાની સરસ્વતી આરાધના આગળ ચલાવી. બાપુએ કહ્યું, "તારો એસ્ટીમેટ આપ હું તને ભણાવીશ. તારે પુસ્તકો જોઈશે, ખૂબ પૈસા જોઈશે. તારી બા પાસે શું હોય? હું ત્યાંથી તને સ્કોલરશીપ બાંધી દઈશ."

જૂના સમયના રાજાઓ જેવું જ આ નાનકડા પ્રસંગમાં પણ બન્યું. રાજાના કારભારીઓએ આ બધા પ્રસ્તાવો એક અથવા બીજા બહાને ઉડાવી દીધા અને રાજા સાહેબનું કાંઈ ન ચાલ્યું, તેથી મોહનભાઈને પાંચ પૈસા પણ ન મળ્યા. પણ જગદંબા જે કરે તે સારા માટે એવી મોહનભાઈની એક અખૂટ શ્રદ્ધા. એ શ્રદ્ધાદીપના અજવાળે તેમણે જરાપણ નિરાશ થયા વગર પોતાની અભ્યાસયાત્રા ચાલુ રાખી.

મોહનભાઈના મનમાં પોતાનું ધ્યેય પૂરું કરવાની સતત લગન હતી. માતાને આપેલાં વચને તે અનેક પ્રલોભનો વટાવીને માત્ર બેરિસ્ટરની દીવાદાંડી તરફ પૂર ઝડપે આગળ વધી રહ્યા હતા. હવે તેમને 'Council of Legal Education'માં પ્રવેશ મેળવવાનો હતો. આપણને પ્રશ્ન થાય કે બેરિસ્ટર એટલે શું? 'બેરિ' કેવી રીતે આવ્યું? હેનરી આઠમાના વખતમાં તેણે એક પ્રથા પાડી કે મારી સાથે જે જમે એ જ મારા ગવર્નર કે પ્રધાન થઈ શકે. એની સાથે જમવાવાળાના બે ભાગ પાડ્યા. લોર્ડસ અને કોમન. ભાગ્યે જ તમને આ પરિવારોમાં જમવાનું આમંત્રણ



મળે. અને તે પણ કોઈ અપવાદને જ મળે. સાથે જમનારાઓ-માંથી Lord, Barron, Barronate sir અને Knight આવા જુદા જુદા ખિતાબો મળતા. અને એ પ્રથા આજે પણ ચાલુ છે. અત્યારે તો માણસ ખૂબ વાંચે, ખૂબ ભણે તો પ્રયત્નપૂર્વક ડીગ્રી મેળવી શકે, પણ તે સમયે આ બધા ઉપરાંત આ અંગ્રેજી પ્રથાઓ પણ તેમને અપનાવવી પડતી. વિદ્વાન માણસોની કિંમત એ કોની સાથે બેસે ઊઠે છે, જમે છે એનાથી થતી. વાતચીત ઉપરથી વ્યક્તિના ચારિત્ર્યનો તાગ મેળવાતો, એમાં એવી એક માન્યતા હતી કે When you are tabled, you can be Known. ખાવાપીવાની રીતભાત પરથી વ્યક્તિની યોગ્યતા નક્કી થતી. બેરિસ્ટર એક એવો ઇલ્કાબ હતો તે તેના માટે બધા જ દરવાજા ખુલ્લા રહેતા. બેરિસ્ટર જો પોતાનું કાર્ડ મોકલે તો રાણી એલિઝાબેથ પણ તેને મળવાની ના ન પાડી શકે. આ ખાણાં ખાવાની પ્રથા ફરજીયાત (કમ્પલ્સરી) હતી. ત્રણ વર્ષના કોર્સમાં સાઈઠ ડીનર ખાવા પડે. આને ડીનર–ટર્મ કહેવાય. તે વરસમાં બે વાર આવે. એક વર્ષમાં ચોવીસથી વધારે ડીનર ન લેવાય. એક ટર્મ અઠ્ઠાવીસ દિવસની હોય. એ દિવસોમાં ભણવાનું ન રહે. રાજા સાથે બેસવાથી જ જ્ઞાની થવાય.

ખાવાનું ખૂબ સરસ હોય. બંને પ્રકારનું હોય. શાકાહારી અને માંસાહારી. જેને જે પ્રકાર માફક આવે તે લે. ત્યાં કોઈ પાણી પીએ જ નહીં. પૈસાદાર હોય તે દારૂ જ પીએ. અને જેને ના પરવડે તે ચા પીએ. દારૂ તેના બ્લડમાં હોય છે. ત્યાં મંદિરની બહાર પણ દારૂની ચમચી અપાય છે અને તેને ક્રાઈસ્ટનું બ્લડ કહેવાય છે. જો કે આ બધી રૂઢિચુસ્ત માન્યતાઓ ત્યાંના સુધરેલા અને શિક્ષિત સમાજમાં ઘર કરી ગઈ છે.

પ્રવેશ લેતી વખતે પણ ફરી પાછી મોહનભાઈને આર્થિક

વિટંબણા નડે છે. અને ફરી પાછું એક જબરદસ્ત મનોમંથન. કંઈક નિઃસહાયતા અને લાચારી અનુભવતા મોહનભાઇ ત્યાં જાય છે. ત્યાં સો પાઉન્ડ ફી અગાઉથી જ ભરવાની હતી. તેમની પાસે તો પાંચ પાઉન્ડ પણ હતા નહીં. પૈસા વગર બેરિસ્ટર શી રીતે થવાય? એકાદ અઠવાડીયું બગડયું. મિ. હર્ટને લખેલો પત્ર પ્રેસીડન્ટ પર હતો. પણ સમસ્યા પૈસાની હતી. બાળપણથી મોહનભાઈ એક જ શ્રદ્ધા લઈને આગળ ચાલતા હતા. પ્રભુ છે જ. અને આ કસોટીના સમયે એ પરમ કૃપાળુએ તેની કૃપાનો વરસાદ આ ધ્યેયનિષ્ઠ બાળક પર વરસાવ્યો.

ધાંગધ્રા નરેશને ત્રણ પત્નીઓ હતી. તેમણે દરેકે મોહન-ભાઇના બાને બે–બે હજાર રૂપિયા આપ્યા અને કુલ છ હજાર રૂપિયાનો લોઇડ બેંકનો ડ્રાફ્ટ કઢાવી લેવાનું કહ્યું. આ ડ્રાફ્ટ આ રીતે મોહનભાઇને પ્રવેશ મેળવવા માટે ખૂબ મદદરૂપ થયો. પ્રેસીડન્ટ પર મિ. હર્ટને આપેલી ચીઠ્ઠીની અસરથી હર્ટન સાથે મોહનભાઇને કેવી રીતે સંબંધ? તે વિશે પૂછપરછ કરી. પણ તેણે કહ્યું 'તને એડમીશન મળશે. પણ ડીગ્રી મળશે નહીં. લેક્ચર એટેન્ડ થશે, પણ એક્ઝામ આપી શકાશે નહીં' અહીં બે Inn temple છે.

(1) Inner temple (2) Middle temple. તેને Graze Inn અને Lincon Inn. પણ કહે છે. નહેરૂ Graze Innમાં ભણેલા અને ગાંધીજી middle templeમાં.

આ ડીનર ટર્મમાં રાજકુટુંબ આવે. રિવાજ પ્રમાણે મોટા ચાંદીના કપમાં દારૂ ભરેલો હોય. ઇંગ્લેન્ડની સારી સારી કંપનીઓ આવા કપ અને દારૂ રાજાને ભેટ આપે. આ પ્રથા આજે પણ ચાલુ છે. સવારે કોલેજમાં ભણવાનું અને સાંજે જમવા જવાનું. રાજકુટુંબમાંથી કોઇ પણ એક વ્યક્તિ આવે અને એ દારૂના



પાત્રને એઠું કરે પછી બધાએ તેમાંથી લેવાનું. આ પ્રથા મોહનભાઇ-ને બહુ અસહ્ય હતી, કારણ મૂળથી દારૂની સુગ અને વળી પાછું કોઇનું એઠું પીવાનું? એ વસ્તુ સાથે એ સમાધાન ન કરી શકતા.

બેરિસ્ટર થઇ જઇએ અને બાર ડીનર જતા કરીએ તો બે વર્ષમાં બેરિસ્ટરી પતે. બે પાર્ટ હોય. જુદા જુદા વિષયો હોય. પહેલો પાર્ટ કરી નાંખીએ તો પણ જ્યાં સુધી અડતાલીસ ડીનર ન થાય ત્યાં સુધી ફાઇનલમાં પાસ ન થવાય. એમણે એક પછી એક ડીનર અને વિષયો લેવાની શરૂઆત કરી. Laws થી શરૂઆત કરી તેને તેર માસમાં પૂરો કર્યો અને તેમાં પાસ થઇ ગયા! પણ બીજી વારની પરીક્ષામાં સફળતા ના મળી, ભણતરમાં ગરીબી ખૂબ નડવા માંડી. ઠંડા હવામાનને લીધે ત્યાં ખૂબ ભૂખ લાગે પણ આપણા ભારતની જેમ ત્યાં પાણી પીને પણ રહેવાય નહીં. કપડાં વગર પણ રહેવાય નહીં. ભારત, સંસ્કારિતાની દૃષ્ટિએ તો ખરું, પણ હવામાનની દૃષ્ટિએ પણ કેટલો બધો ઊંચો છે, તે જ્યારે ભારત બહાર જઇએ ત્યારે જ ખબર પડે. ભૂખ અને ગરીબીનો સામનો કરતાં કરતાં મોહનભાઇનું શરીર નબળું પડવા માંડયું.

અનેક મુશ્કેલીઓને પાર કરતા કરતાં મોહનભાઇ જેમ જેમ આગળ વધે છે, તેમ તેમ રોજ સવાર પડે અને એક નવી મુશ્કેલી આવીને ઊભી રહે છે. જે બેનના ઘરમાં તેઓ રહેતા હતા ત્યાં તેમને અઠવાડિયાના પંદર શિલીંગ આપવા પડે. તેમાં તે સવારનો નાસ્તો આપે અને રાત્રે સૂવા મળે. વધારામાં તે પ્રાયમસ રાખવા દે. એટલે અનુકૂળતાએ ચા બનાવી શકે. વાતાવરણની ઠંડીને લીધે પાણી એટલું બધું ઠંડુ રહે કે તેમાં હાથ ધોવાની પણ હિંમત ન ચાલે. એટલે પોતાના રોજબરોજનાં નાનાં કાર્યો માટે નોકરને રાખવો જ પડે. અને નોકરને તો પગાર પણ સમયસર આપવોજ પડેને! ઘરમાલિક બહેન ખૂબ સારા સ્વભાવની અને

મોહનભાઇની ભણવા પ્રત્યેની ધગશ માટે તેને માન. એટલે તેણે તેને મદદરૂપ થવાની ઇચ્છા બતાવી. બહેનને ભારતીય સંસ્કૃતિ માટે પણ માન. એથી મોહનભાઇ તેને ગીતા વિષે સમજાવે અને આ બહેન બદલામાં સાડા સત્તર શિલીંગ આપે. આમાં મોજ-શોખની તો વાત જ ક્યાં! વ્યસનો તો હતાં જ નહિ. આ બહેનને મોહનભાઇએ ધીમે ધીમે ગીતા, ભાગવત અને બીજા ધર્મગ્રંથો વિષે થોડી થોડી સમજ આપવા માંડી. પણ નસીબ બે ડગલાં આગળ ને આગળ. કમનસીબે આ બહેન સિવાયનાં બધાં ટ્યુશન છૂટી ગયાં, એને પરિણામે બે અઠવાડીયાં સુધી ઘરનું ભાડુ ન અપાયું. સાડા ત્રણ શિલીંગ હોય તો બહાર પણ જવાય. ખાવાનું બંધ થયું. ધીમે ધીમે સાત અઠવાડીયાનું ભાડુ ચડયું.

ઘરમાલિક પણ સાધારણ સ્થિતિનો. તેની આવક બંધ થઇ એટલે તેનું કરિયાણાનું બીલ ન ભરાયું. ઘરમાલિકની પત્નીએ જ્યારે તેના પતિ પાસે બે પાઉન્ડ વધુ માગ્યા ત્યારે તેણે પૂછ્યું કે આ ઘરભાડાના પૈસા ક્યાં જાય છે? એણે કહ્યું કે મિ. વ્યાસે સાત અઠવાડીયાથી ભાડું નથી આપ્યું. ઘરમાલિક ખૂબ ગુસ્સે થયો. તેણે કહ્યું, તું તેને કાઢી મૂક. તારે ને એને શું સંબંધ છે? તારે તેની ક્રેડીટ શા માટે બચાવવી જોઇએ? અને પેલી ઘરમાલિક બહેન પર તેના પતિએ ખૂબ ખરાબ આક્ષેપો કરવા માંડયા. બહેનના મનમાં બીજું કંઇ નહીં પણ એમ થાય કે આ ક્યાં જશે? માત્ર એક ભલમનસાઇ. છતાં તેણે તેના પતિની જીદ આગળ નમતું જોખ્યું. મોહનભાઇને કહેવું પડયું 'તમારે અહીંથી જવું પડશે.' મોહનભાઇએ તેને હૈયાધારણ આપી કે તે દસ મિનિટમાં ચાલી જશે. પણ પૈસા ન હોવાને લીધે ત્રણ દિવસથી ખાધેલું નહીં. ખૂબ અશક્તિ. ઉપર આભ, નીચે ધરતી સિવાય કોઇ સહારો નહીં. માંડ માંડ ઊભા થઇ કપડાં તૈયાર કર્યાં. પણ ભક્તને પડેલી ભીડને



ક્યારેય ભગવાન જોઇ રહ્યો છે ખરો? એ છોડવાની તૈયારીમાં જ હતા. એટલામાં મકાનમાલિક બાઇ આવી અને એમના નામનો પત્ર આપ્યો. જેમાં જણાવેલું હતું કે લોઇડ બેંકમાં તેમના નામે બસો પચાસ પાઉન્ડ ક્રેડીટ છે. તેઓ પ્રભુની આવી અકલ્પ્ય સહાયથી ખૂબ આનંદિત થઇ ગયા! તેમના આનંદની કોઇ સીમા ના રહી. તેમને આખો પ્રસંગ કુંવરબાઇના મામેરા જેવો લાગ્યો. શારીરિક નબળાઇ ચાલી ગઇ. પગમાં પૈસાની તાકાત આવી ગઇ. અને નીચે ઊતરીને ઘરમાલિક બાઇ અને તેના પતિને આ લોઇડ બેંકનો પત્ર બતાવ્યો. તેણે માફી માગી અને તેમાંથી સાડા ત્રણ પાઉન્ડ ચૂકવી ફરી તેમણે રહેઠાણ સલામત કરી દીધું. અને ઈશ્વર ખાતર તેમનું ઘર છોડીને ન જવાની વિનંતી કરી. (ક્રમશઃ)

### સુવાક્ય

એમ ના માનવું કે આપણે પાપી છીએ એટલે ભગવાન આપણી ભક્તિ નહિ સ્વીકારે, ભગવાન એવો નગુણો નથી. ભગવાન તો કહે છે કે ગમે તેવો પાપી હોય, પરંતુ તે સાચી ભક્તિનો આશ્રય લે એટલું જ તેને મુક્ત કરવા માટે પૂરતું છે. – યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઇઝ *
મરચન્ટ, એક્સપાર્ટ્સ, ઇમ્પોર્ટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

# ભાર તારાજ માથાપર નાંખી દીધો છે

સંત તુકારામ

બધો વખત તમારા નામનું રટણ કરતા રહેવું એ એક જ મારો ધંધો છે. એ કામમાં હું કદી આંતરો પડવા દેનાર નથી. તારા નામનું મોંઢેથી કીર્તન કરું છું. હાથવડે તાળી વગાડવી અને પ્રેમોલ્લાસનો ઊભરો આવે ત્યારે નૃત્ય કરવું, એ ત્રણ કામ હું કરું છું. એ કામને બાદ કરતાં, આગળ પાછળનાં બધાં જ કામોમાંથી મને વિશ્રાંતિ મળી ગઇ છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણે પ્રકારના દુઃખોનું મૂળ કારણ જે મારું પ્રારબ્ધ છે, તેનો જ ક્ષય થઇ ગયો છે.

ગોદાવરીના પવિત્ર તીરે આવેલાં અનેક દેવસ્થાનોમાં વસતા સંત મહંતોના સમુદાયની અંદર તેમના સત્સમાગમનું સેવન કરવામાં મારો સમય ઘણો જ આનંદમાં વ્યતીત થઇ જાય છે. તુકારામ કહે છે કે પંઢરપુરના સ્વામિન્! મને તો હવે કશી જ વાતની ફીકર ચિન્તા છે જ નહિ. યોગ અને ક્ષેમ જે પ્રાપ્ત કરવાનું છે તેનો અને જે પ્રાપ્ત છે તેના રક્ષણનો બધો જ ભાર તારા જ માથા પર નાંખી દીધો છે.

**અધ્યાત્મના ટેલિફોન નંબરમાં ફેરફાર**

અધ્યાત્મના ટેલિફોનનો નંબર જે **૨૫૮૧૧** હતો, તેના આગળ ૪ લાગતાં, હવે તે **૪૨૫૮૧૧** થયો છે, તેની નોંધ લેવા વિનંતી. — તંત્રી



# હિમાલયના પત્રો

સંકલન : શ્રી સુરેશભાઇ શાહ, ટોરોન્ટો

**પત્ર–૩૩ : જે સાકર ચાખે તેને સ્વાદ સમજાય**

દેવપ્રયાગની પવિત્ર ભૂમિ ઉપરથી જાન્યુ. ૧૯૪૪ માં શ્રી નારાયણભાઇને લખાએલા આ પત્રમાં પૂ. શ્રી જણાવે છે કે તેઓશ્રી હાલમાં દેવપ્રયાગ ગંગોત્રીના રસ્તા ઉપરના મકાનમાં રહે છે. પોતાની ઇચ્છા તદ્દન એકલા રહેવાની છે, પરંતુ ઈશ્વરેચ્છા પ્રમાણે જે થશે તે સારા માટે તેવી દૃઢ શ્રદ્ધા આ પત્રમાં વ્યક્ત કરે છે. જગતના અનેક સંતો અને મહાપુરુષો પૈકી પૂ. શ્રીને વિશેષ પ્રીતિ અને આકર્ષણ શ્રી શ્રી રામકૃષ્ણદેવ પર છે કારણ તેઓ ધારે તે કરી શકતા અને એવી સ્થિતિ ના આવે ત્યાં સુધી નાનીસૂની વાતોથી આનંદ માનવાનું પૂ. શ્રીને ગમતું નથી. પોતે આધ્યાત્મિક સાધનામાં બાળક જ છે તેમ જણાવી પોતાની નિખાલસતા અને નિરાભિમાનપણું દર્શાવે છે. તેથી વિરુદ્ધ આપણા સમાજમાં ફક્ત બાહ્યવેશ બદલી પ્રભુની સાધનામાં લાગી ગએલા જણાતા અને પોતે ઈશ્વરના નામે આડંબરો કરતા, કહેવાતા મહાત્માઓ કેટલા બધા ઢોંગી, ગેરરસ્તે દોરનારા તથા ધર્મને નુકશાન પહોંચાડનારા હોય છે તેનો ખ્યાલ આપણને આના પરથી આવી શકે છે!

ઈ. સ. ૧૯૪૧ માં પૂ. માતાજીને શંકર ભગવાને કહેલું કે તમે પૂ. શ્રીના હિમાલય જવાથી શું કામ શોક કરો છો? "તમારો પુત્ર એ ફક્ત તમારો પુત્ર નથી, તે મારો પુત્ર છે. હું એને લઇ ગયો છું

ને હું જ એને પાછો લાવીશ." ઇ. સ. ૧૯૪૧ માં ઋષિકેશમાં પૂ. શ્રીને થએલા અનુભવને જણાવતાં પૂ. શ્રી લખે છે કે "પોતે મુક્ત છે." તેની પ્રતીતિ દિનપ્રતિદિન તેઓ પામી રહ્યા છે અને તે હકિકત દૃઢ કરનાર શંકર ભગવાન સિવાય બીજું કોણ હોય? ત્યારબાદ ૨૫ ડીસેમ્બર, ૧૯૪૩ થી પૂ. શ્રીને એમ થાય છે કે તદ્દન એકાંત સેવવું અને બને તો એકાંતમાં જ રહેવું. બધે એક ચેતન તત્વનો અનુભવ થતાં હૃદય આનંદના રસથી તરબોળ થઇ જાય છે ને સ્વઆભાવિક રીતે જ વાચા અટકી જાય છે. મનની આ અલૌકિક સ્થિતિ દરમ્યાન શંકર ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી આ ઓરડાની બહાર નીકળવું નહિ તેવો નિશ્ચય થાય છે. લોકો ધન, ધરા ને રમાને માટે હતા ન હતા થઇ જાય છે, આંસુના ઘડા છલકાવે છે. તો પોતે આ ઉચ્ચ આદર્શને—જગતના જીવનને માટે પ્રાણાર્પણ કરે તેવું પોતાનું સદ્‌ભાગ્ય ક્યાંથી?

મનની આવી અવસ્થામાં સ્વપ્નમાં પૂ. શ્રીને શંકર ભગવાનનો કરાલ સર્પ દેખાય છે. આમ બે દિવસ વીતી જાય છે. ત્રીજે દિવસે ભોજન પણ છૂટી જાય છે. વ્યાકુળતા અને વિહ્‌વલતા વધતાં જાય છે રાત્રે પ્રાર્થના શરૂ થાય છે, મનની સ્થિતિ બદલાતી જાય છે. મન કોઇ આકાશી પદાર્થની જેમ ઊંચે ચઢે છે પદ્માસનસ્થ, કૌપીનધારી, વ્યાઘ્રચર્મ શોભિત ભગવાન શંકર દર્શન આપે છે. હૃદય ખૂબ આનંદથી ગદ્‌ગદ બની જાય છે. અને સાથે જ જેમના ઉપર પ્રથમથી જ સવિશેષ ભક્તિભાવ રહ્યા છે તે પરમહંસદેવ પણ કૃપા કરી દર્શન આપી કૃતાર્થ કરે છે.

શ્રી નારાયણભાઇને જણાવે છે કે, પ્રભુની પાસે શું માગવાનું હોય? શી ઇચ્છા હોય? પ્રેમ એ જ પર્યાપ્ત છે. પ્રેમ આગળ



કોઇ બીજી વસ્તુની ઇચ્છા રહે તો સમજવું કે પ્રેમ પ્રકટ્યો જ નથી. એ પ્રેમ જ આપણે તો માગીએ, જગત આખુંય એ પ્રિયતમનું, પરમ આત્મદેવનું મંદિરયું છે. તેમાં જ રાતદિન જીવવું, તેનો જ અનુભવ કરવો ને રહે ત્યાં લગી શરીરમાં પ્રેક્ષક બની રહેવું, એ જ એક આનંદ છે. હૃદય શુદ્ધ થતાં અને પ્રેમ પ્રકટતાં બધે જ તેનું પ્રતિબિંબ પડશે. ને સૌંદર્ય, દયા, પ્રેમ ને માધુર્ય રૂપે રહેલો ઈશ્વર સર્વ સ્થળે દેખાશે—અનુભવાશે. આ જ આત્મસાક્ષાત્કાર, જીવનમુક્તિ.

પૂ. શ્રી જેવા વિરલ સંતોએ આવા આત્મસાક્ષાત્કારની અનુભૂતિ કરી છે, સાધનાના સર્વોચ્ચ શિખરે બિરાજ્યા છે અને માનવજાતને પ્રભુપ્રાપ્તિ માટે પથપ્રદર્શન કર્યું છે, તેઓએ પ્રભુના દિવ્ય સાન્નિધ્યનો આસ્વાદ માણ્યો છે માટે તો લખે છે કે સાકર ચાખે તેને સ્વાદ સમજાય. સાકરના ગુણધર્મો જાણવાથી સાકરનો સ્વાદ કેમ જાણી શકાય?

### પત્ર–૩૪ : ધીરજપૂર્વકની સતત સાધના

સાધના શબ્દ જ ધીરજ, ખંત લગની અને તન્મયતાનો સૂચક છે. ઇ.સ. ૧૯૪૫ના જાન્યુઆરીમાં સહપાઠી શ્રી નારાયણભાઇને ઋષિકેશથી પત્ર લખતાં પૂ. શ્રી જણાવે છે કે ધ્યાનાદિ નિયમિત ચાલુ રાખવું, એ બધી વસ્તુઓ એવી નથી કે એકાદ બે દિવસમાં જ તેનું ફળ પ્રાપ્ત થઇ જાય. એને માટે ધીરજપૂર્વકની સતત સાધના જોઇએ. લાંબા વખતના સતત સાધન પછી ઈશ્વરકૃપા થાય છે ને તેનું પરિણામ ખૂબ જ મોટા પ્રમાણમાં જણાય છે.

પ્રેમીના હૃદયની સ્થિતિની દશા જણાવતાં પૂ. શ્રી જણાવે છે

કે પ્રેમીની આંખમાંથી અશ્રુ વહેવા માંડે છે, પ્રેમીનું નામ સાંભળતાં જ તે નાચવા માંડે છે, આનંદ પામે છે. જ્યાં સુધી સંસારનો થોડો પણ રસ રહી જાય ત્યાં સુધી ઈશ્વરનો પરમપ્રેમ પોતાની પૂર્ણ કલાથી જીવનમાં પ્રકટી શકે નહીં. સંતપુરુષો કે પ્રેમી આત્માઓના જીવનના મનનથી પ્રેમ ખીલે છે ને મદદ મળે છે. બને તેટલો વધારે સમય નામસ્મરણ કરવાથી પણ પ્રેમનો વેગ વધે છે.

જીવનમાં પોતાના અનુભવથી પૂ. શ્રીએ આ હકિકતનું વર્ણન કર્યું છે. સાધનામાર્ગે પ્રવાસ કરતા દરેક પ્રવાસીને આ સૂચન આવકાર્ય લાગશે.

### પત્ર–૩૫ : જીવનની ધન્યતા

ઇ. સ. ૧૯૪૫ ફેબ્રુઆરીમાં ઋષિકેશથી શ્રી બાબુભાઇ (શ્રી નારાયણભાઇના તે વખતના એક પાડોશી) પ્રિય આત્મન, સંબોધનથી લખાએલા આ પત્રમાં પૂ. શ્રી જણાવે છે કે માણસે સાક્ષાત્કાર કે દર્શનને માટે બહુ ઉતાવળા ના થવું. પ્રેમનો પરમ આસ્વાદ એ જ જીવનની ધન્યતા છે. તે પ્રેમની વિશેષ ને વિશેષ અનુભૂતિમાં જ સંતોષ હોવો જોઇએ. હૃદયમાં સાત્વિક પ્રેમ પ્રકટાવો–ઈશ્વર તો એની મેળે આવશે. તે આવ્યા વગર રહી શકતો જ નથી. કમલ ખીલે એટલે ભ્રમર તો આપોઆપ આવે. તેમને કાંઇ બોલાવવા પડે નહીં.

આ પ્રેમ સંત મહાત્માઓના જીવનના પરિશીલનથી તેમ જ ઈશ્વર પ્રણિધાનથી હૃદયશુદ્ધિ થતાં પ્રકટે છે સાચા સાધકને અનુરોધ કરતાં પૂ. શ્રી જણાવે છે કે અક્રોધ એ ખૂબ ઊંચો ગુણ



છે. જગતના પ્રત્યેક સ્વરૂપમાં ઈશ્વરદર્શન કરવું અને એ રીતે એકત્વનો અનુભવ કરવો એ જ સાક્ષાત્કાર છે. આ પ્રેમ પ્રકટતાં ગમે તે રીતે ઈશ્વરનું દર્શન કરી શકાય છે ને ન કરી શકો તો પણ માત્ર આ પરમાનુભાવથી જ શાંત ને કૃતકૃત્ય બની શકાય છે.

(ક્રમશઃ)

સુવાક્ય

ભૌતિક સમૃદ્ધિ વગરનો આધ્યાત્મિક આદર્શ અને આધ્યાત્મિક આદર્શ વગરની ભૌતિક સમૃદ્ધિ–બેમાંથી કોઇ પણ માનવજાતનું કાયમ માટે કલ્યાણ કરી શકે નહિ.

સ્વામી વિવેકાનંદ

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧
ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

રાજકોટના શ્રી મોહનભાઇ પટેલ

# એક નવા સાધક

નારાયણ હ. જાની

રાજકોટના શ્રી મોહનભાઇ પટેલના શારીરિક દર્દો કેવી ચમત્કારિક રીતે દૂર થઇ ગયાં તેની વિગતો અધ્યાત્મના વાંચકોએ નવેમ્બર, ૯૫ના અંકમાં જોઇ. આ તો તેમનાં આધિભૌતિક દુઃખોના નિવારણની વાત થઇ પરંતુ તેની પાછળ એમની જે આધ્યાત્મિક ભૂમિકા રહેલી છે તે સમજવા જેવી છે. એટલું જ નહિ પરંતુ પોતાના આધ્યાત્મિક વિકાસ માટે તેઓએ જે પુરુષાર્થ કર્યો છે અને આજે પણ કરી રહ્યા છે, તે ખરેખર જાણવા જેવો છે. તેના પરિણામે તેઓ આંતરિક જગતની સરસ અનુભૂતિઓ પામે છે, તે વાંચવું રસપ્રદ થઇ પડે તેવું છે. એટલે તો અધ્યાત્મના પૃષ્ઠો પર તેનું આલેખન થાય, તે વાત અમને ગમી છે. આશા છે કે વાંચકો પણ તેને જરૂરથી વધાવશે.

શ્રી મોહનભાઇ પટેલ એક સીધા, સાદા, સરલ, શ્રદ્ધાળુ વ્યક્તિ છે. તેઓ પ્રામાણિક પુરુષાર્થમાં માને છે અને પૂરતી ચીવટથી લીધેલા કામને વળગી રહે છે. આ તેમનો મોટો ગુણ છે. તેઓની પાસે સારી રજુઆતની ભાષા કે વાણી નથી. પરંતુ પોતાની અનુભૂતિ વર્ણવી શકે એટલી સ્પષ્ટ સમજ અને સૂઝ તો છે જ. એટલે તે અનુભૂતિઓને રોચક ભાષામાં અત્રે રજુ કરવામાં આવેલ છે એટલું જ. — તંત્રી

શ્રી મોહનભાઇને રાજકોટના રામકૃષ્ણ આશ્રમનો સંપર્ક છેક સને ૧૯૬૯ થી. એટલે પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવનું આંતરિક આકર્ષણ ખરું જ. કહેવત છે કે જે જીવ જેના હોય, તેની પાસે જન્માંતરમાં પણ ખેંચાઇ આવે. એવું શ્રી મોહનભાઇના જીવનમાં દેખાય. એ ભલે અનેક સંતો પાસે જાય, પરંતુ તેના પૂર્વજન્મમાં સેવલ સંતના આશ્રિત ના બને ત્યાં સુધી તેને ચેન પડે નહિ, તેનો વિકાસ થાય નહિ. તે પછી તેને લાગે કે જાણે હવે પોતાના ઘરે આવી ગયા.



સને ૧૯૮૯ માં ધંધામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા પછી દરરોજ સવારે બે કલાક રામકૃષ્ણ આશ્રમમાં ધ્યાન કરવા જતા. તો વળી ૧૯૯૨ની શરૂઆતમાં દક્ષિણ ભારતના રામદાસ સ્વામીના આશ્રમમાં દોઢ માસ રહી આવ્યા. તે પછી ઉત્તર ભારતના સ્વામી શિવાનંદજીના આશ્રમમાં દોઢ માસ રહી આવ્યા. જુલાઇમાં વળી દક્ષિણ ભારતની યાત્રાએ ગયા અને યોગી શ્રી અરવિંદ તેમ જ ભગવાન શ્રી રમણ મહર્ષિના આશ્રમોની મુલાકાતો લીધી. પરંતુ ક્યાંય મન ચોંટયું નહિ. એટલે પાછા રાજકોટ આવી ગયા. એટલું ખરૂં કે આ બધા સમય દરમ્યાન ધ્યાન અને જપની રોજીંદી સાધના યથાવકાશ ચાલતી રહેતી.

૨૮ નવેમ્બર, ૧૯૯૨ ના રોજ રાજકોટમાં શ્રી આશારામ બાપુ પધાર્યા, તેમની પાસેથી મંત્રદીક્ષા લીધી. બે વર્ષ સતત મંત્ર જપતા રહ્યા, પરંતુ કંઇ ખાસ પ્રગતિ થતી જણાઇ નહિ. મનને કોઇ પ્રકારે સાધનાથી સંતોષ વળે નહિ. એટલામાં એક બીજી આકસ્મિક ઘટના બની. તારીખ અને મહિનો પણ એ જ રહ્યો, પરંતુ સાલ બદલાઇ ગઇ. સને ૧૯૯૪ થઇ. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો એક સુંદર કાર્યક્રમ–રાજકોટ ખાતે શ્રી જે. કે. પરિવાર તરફથી યોજાયો. ત્યાંથી ખરીદીને એક સંબંધીએ મહાત્મા શ્રી યોગેશ્વરજીની 'સરલ ગીતા' લાવીને આપી.

આ ગીતા વાંચતાં જ પૂ યોગેશ્વરજીમાં મને સ્વાભાવિક ખેંચાણ થયું. એટલે પૂ. શ્રી યોગેસ્વરજીનાં બીજાં પુસ્તકો વિષ્ણુ-સહસ્ર તેમ જ 'પ્રકાશના પંથે' લેવા અમદાવાદ સત્યપથ ગયો. તો ત્યાંથી શ્રી શાન્તિભાઇ કનેરિયાનો રાજકોટમાં સંપર્ક કરવા સૂચના મળી. એટલે તેમને ત્યાંથી વિષ્ણુસહસ્ર અને પ્રકાશના પંથે લાવીને વાંચતાં પૂ. યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં સારી એવી શ્રદ્ધાભક્તિ પ્રકટી.

બિમારીમાંથી અદ્‌ભુત રીતે સારો થતાં, તેમનો ઉત્સાહ વધી ગયો. નિયમિત સાધન–ભજન થવા માંડયું. સાંસારિક કાર્યો પ્રત્યે સહજ રીતે ઉપરામતા આવી ગઇ. પરિણામે તેઓએ સાંસારિક પ્રસંગોમાં જવાનું બંધ કરી દીધું. દિવસનો મોટો ભાગ સાધના પરાયણ બનતાં સહજ રીતે મૌન પળાવા લાગ્યું. બહારના સત્સંગોમાં દર ગુરુવારે શ્રી શાન્તિભાઇને ત્યાં તેમ જ દર ૨૮ તારીખે શ્રી જે. કે. ને ત્યાં જવા સિવાય બધું જ છૂટી ગયું. તેઓ દિવસનો ઘણો મોટો ભાગ એકાંતમાં રહી મૌન પાળે છે. ધ્યાન એમની પ્રિય પ્રવૃત્તિ છે. એટલે જપ, ધ્યાન, સ્તોત્રપાઠ અને સદ્‌ગ્રંથોનું વાંચન તેઓની દિનચર્યાના ભાગ બની ગયા છે.

તે પછી તેઓ ફરી પૂ. શ્રી શ્રી માનું દર્શન ઓગસ્ટ, ૯૪ માં પામ્યા. રાજકોટના સાધકો સાથે તેઓ પૂ. માના દર્શને આવ્યા, ત્યારે શ્રી શાંતિભાઇએ પૂ. મા સમક્ષ એક સારા સાધક તરીકે તેમનો પરિચય કરાવ્યો. તેમની ધ્યાન પરાયણ વૃત્તિ જોઇ, પૂ. માને આનંદ થયો અને તેમને તેઓના આશીર્વાદ પ્રાપ્ત થયા.

આ પછી શ્રી મોહનભાઇની સાધનામાં સારી એવી ગતિ આવી. મન સહજ રીતે એકાગ્રતા અનુભવવા લાગ્યું ને ધ્યાનમાં એકધારૂં છ છ કલાક બેસવા છતાં થાક કે કંટાળાનો કોઇ અનુભવ ના થવા લાગ્યો.



આ પછી તેઓને પહેલો આધ્યાત્મિક અનુભવ તા. ૧૫–૧–૯૫ ના રોજ થયો. તે સ્વપ્નદર્શનનો હતો. જણાયું કે તેઓના સાળા બિમાર થયા અને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સ્વપ્ન આવ્યું ત્યારે તેઓ સાજા સારા હતા. પરંતુ તે પછી થોડા જ દિવસોમાં તેઓને હોસ્પીટલમાં દાખલ કરવા પડયા, અને તેઓ ગુજરી ગયા. આમ તેઓનું સ્વપ્ન આગાહી સૂચક બની રહ્યું.

એવો જ બીજો સ્વપ્ન અનુભવ ૨૩–૪–૯૫ ના રોજ થયો. સ્વપ્નમાં સર્પ તેઓને વીંટાઇ વળ્યો તેવો અનુભવ થતાં મનમાં ડર લાગવા માંડયો. ત્યાં તો તેઓના હૃદયમાંથી જ જાણે કોઇ બોલી રહ્યું હોય તેવા સ્પષ્ટ શબ્દો સંભળાયા, "તું ડરે છે શા માટે? હું સ્વયં ભગવાન રામ છું. સર્પરૂપે આવ્યો છું. તું શુદ્ધ બુદ્ધ થઇ તારૂં કામ કર્યા કર." બસ, આટલું સંભળાયા પછી બધું જ અદૃશ્ય થઇ ગયું! જો કે જાગૃતિમાં આવ્યા પછી પણ સર્પના સ્પર્શના ભયે તેઓને ધ્રૂજારી આવી ગઇ, છતાં એનાથી તેઓને આનંદ થયો, કારણ તે સ્વપ્નનો મર્મ આધ્યાત્મિક હતો. વળી વિષ્ણુસહસ્ર નામમાં ભગવાને પોતાને શેષનાગરૂપ જણાવેલ છે. જાણે તેનો જ આ અનુભવ ના હોય તેમ લાગ્યું.

બીજું આગાહી સૂચક સ્વપ્ન તેઓના સગા કાકાના સંદર્ભમાં આવ્યું. તેમાં તેઓએ જોયું કે જાણે યમરાજા સર્પરૂપે આવીને તેઓને દંશ દે છે અને તેઓનું મૃત્યુ થાય છે. જો કે તેઓનું અવસાન હાર્ટએટેકથી થયું. આ સ્વપ્ન દર્શન પછી થોડા જ દિવસોમાં અચાનક આ ઘટના ઘટી.

પૂ. માનું નજીકથી કહેવાય એવું પહેલું દર્શન તેઓને ૩૦–૭–૯૫ ના રોજ સત્યપથમાં મળ્યું. તે પછી પૂ. માએ ધ્યાનમાં તા. ૧૪–૮–૯૫ ના રોજ દર્શન આપ્યું.

તે પછી તો તેઓના જીવનમાં ચાલી આધ્યાત્મિક સ્વપ્નોની પરંપરા. તેમાં તેઓને પૂ. મા શ્રી સર્વેશ્વરી, તેમ જ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં દર્શન ઉપરાંત બેલૂડમઠમાં શ્રી મહાકાલી શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શારદામા અને સ્વામી વિવેકાનંદનાં દર્શન થયાં. આવાં દર્શનોનો સીલસીલો જીવનમાં પહેલીવાર શરૂ થયો. સ્વપ્ન-દર્શનો હોવા છતાં તેમનો આનંદ અનુભવાતો. તેઓનું મન દિવસ દરમ્યાન પણ પ્રસન્નતા અનુભવી શકતું. તેથી તેઓનો સાધનામાં આનંદ અને ઉત્સાહ પણ વધવા લાગ્યો.

તા. ૪–૯–૯૫ ના રોજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનાં તેઓ વિષ્ણુસહસ્રનો પાઠ કરે છે, તેવાં દર્શન થયા. તો તેનું પુનરાવર્તન રાતે ધ્યાનમાં થયું. જેમાં પૂ. મા તેઓની બાવનીની બે લીટી બોલી અદૃશ્ય થઇ જાય છે. વળી તા. ૯–૯–૯૫ ના રોજ ધ્યાનમાં આદેશ સંભળાયો કે આધ્યાત્મિક પૂર્ણતા ના પામો ત્યાં સુધી ગુપ્ત રાખો. તો વળી તા. ૧૦–૯–૯૫ ના રોજ તેઓના પોતાના હૃદયમાંથી વાણી સંભળાઇ કે તેઓ એકલા નથી. આ સૃષ્ટિનો સર્જનહાર તેમની સાથે છે. પ્રભુના માર્ગે જનારનો સાંસારિક લોકો વિરોધ તો કરવાના. તેની ચિન્તા ના કરવી.”

તા. ૧૩–૯–૯૫ ના રોજ મહાત્મા શ્રી યોગેશ્વરજીનું સ્વપ્ન આવ્યું. જાણે તેઓશ્રી સ્વર્ગારોહણ અંબાજીના ઓટલા ઉપર ઊભા રહી શ્રી મોહનભાઇનું આ સ્થાનમાં સ્વાગત કરે છે. આ પછી શ્રી મોહનભાઇએ સ્વર્ગારોહણમાં તે જ દિવસે સાંજે પ્રથમવાર પ્રવેશ કર્યો કે તેઓ ભાવવિભોર બની ગયા, કારણ કે બરાબર આ જ સ્થાનનું દર્શન તેઓને તે જ દિવસના સ્વપ્નમાં થયું હતું. આવા અર્થપૂર્ણ અને આગાહી આપતાં સ્વપ્નોથી શ્રી મોહનભાઇનો ઉત્સાહ વધી રહ્યો છે.



તા. ૧૮–૯–૯૫ ના રોજ સ્વર્ગારોહણમાં રાત્રે ધ્યાનમાં સ્વામી વિવેકાનંદનું તેમજ તા. ૨૦–૯–૯૫ ના રોજ સવારે પાંચ વાગે જાગૃતિમાં એક અતિ તેજસ્વી તારાનું દર્શન આકાશમાં થયું. આ ઉપરાંત ધ્યાનમાં આત્માના અવાજના શ્રવણનો અનુભવ ભારે રોમાંચક હતો. એમાં જણાયું કે તેઓના સંબંધી બહુ બીમાર છે અને બીજા દિવસે તેઓનો જીવ પરલોક જવા પ્રયાણ કરશે.

તેઓને આ સંબંધીની માંદગી વિષે કશી જ જાણ ન હતી, પરંતુ ઘટના એ પ્રમાણે જ બની. ત્યારે તેઓને સમજાયું કે પ્રભુ દરેક માણસના અંતરમાં રહેલો છે અને આપણી સાથે કોઇ બીજી વ્યક્તિ અદૃશ્ય રહી વાત કરતી હોય તેવો સ્પષ્ટ અવાજ સભાન અવસ્થામાં સાંભળતાં જણાય કે ભગવદ્ગીતામાં કહ્યા પ્રમાણે ઈશ્વર જ અંદરથી પ્રેરણા અને માર્ગદર્શન આપી રહ્યા છે.

કહેવાય છે કે ધ્યાનની સાધના તીવ્ર બનતાં સાધકની સ્મરણશક્તિ પણ ખૂબ તેજ બની જાય છે. શ્રી મોહનભાઇના જીવનમાં આવી શક્તિનો આવીર્ભાવ પ્રત્યક્ષ જણાય છે તેઓને શિવમહિમ્ન તેમ જ વિષ્ણુસહસ્ર સ્તોત્ર સંસ્કૃતમાં તેમ જ ગુજ-રાતીમાં કંઠસ્થ થઇ ગયાં છે, તો ભગવદ્ગીતાના ૧૮ અધ્યાય સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં (સરલ ગીતા) સ્મૃતિમાં અંકિત થયાં છે. આ ઉપરાંત પૂ. માની અને પૂ. ગુરુદેવની બાવનીઓ અને બીજી ઘણી કૃતિઓ–બે ચાર વાર વાંચવાથી જ યાદ રહી જાય છે. છેલ્લા છ આઠ મહિનામાં આવો ચમત્કાર તેમના જીવન-માં જણાયો છે.

શ્રી મોહનભાઇ એક સાત્ત્વિક સાધક છે અને તેઓ પોતાની સાધના દરમ્યાન શક્તિઓના આવા પ્રાકટ્યથી પ્રભાવિત થઇને

પરિતૃપ્તિ અનુભવી લે તેવા નથી. આપણે ઇચ્છીએ કે તેઓ મનુષ્યજીવનના પરમ ધ્યેય સ્વરૂપ આત્મદર્શન કે ઈશ્વરદર્શન સિવાય અધવચ્ચે ના અટકે અને પ્રભુની પરમકૃપા પામી લે. સાધના માર્ગમાં આવતાં સિદ્ધિઓનાં આવાં પ્રલોભનો તેઓને પથચ્યુત ન કરે એવી આપણે પણ પૂ. ગુરુદેવ પ્રભુ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીને પ્રાર્થના કરીએ.

**સુવાક્ય**

માણસની પાસે દિલ હોવું જોઈએ. લાગણી હોવી જોઈએ. બીજાનાં દુઃખોની તેને અસર થવી જોઈએ. સંસારમાં જે દુઃખી, રોગી, અનાથ અને પીડિત છે, તેમની વેદના સાચા માનવને સ્પર્શવી જોઈએ અને તેને દૂર કરવા અહંભાવરહિત થઈ ઉપાય શોધવો જોઈએ. યોગેશ્વરજી

**ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯





આજના આ ગૌરવ દિને
સરદાર વલ્લભભાઈ પટેલનાં
જીવનમૂલ્યોને જાહેરજીવનમાં
સ્થાપિત કરવા સંકલ્પબદ્ધ બનીએ.

- સુરેશચંદ્ર મહેતા
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**સરદાર પટેલ : ૧૨૦મી જન્મ જયંતી**
**૩૧મી ઓક્ટોબર-૧૯૯૫**

# શ્રી શ્રી મા શારદાદેવી

લેખક : સ્વામી ગંભીરાનંદજી
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

એક વાર કોઈ પર્વ નિમિત્તે કેટલીક સ્ત્રીઓ ગામડેથી કલકત્તા ગંગાસ્નાન કરવા નીકળી. માતાજી પોતાના ભત્રીજા શિવરામ ને ભત્રીજી લક્ષ્મી સાથે આ સ્ત્રીયાત્રાળુઓ સાથે સામેલ થઈ ગયાં. તેમનો વિચાર ગંગાસ્નાન કરી દક્ષિણેશ્વરમાં રોકાઈ જવાનો હતો. રાત કામારપુકુરથી આઠ માઈલ દૂર આવેલ આરામબાગમાં પસાર કરવાનો યાત્રાળુઓનો વિચાર હતો. કારણ તે પછી નિર્જન ને ભયંકર એવા લૂંટારાઓના નિવાસસ્થાન જેવા 'તેલોભેલો' અને 'કૈકલાનાં' મેદાનો હતાં સમૂહ સિવાય એકલા કોઈ એ પ્રદેશ વટાવવાનું સાહસ નહોતું કરતું.

'તેલોભેલો'ના પ્રદેશમાં મા કાલીની એક વિકરાળ મૂર્તિ છે. લૂંટારાઓ લૂંટ કરતા પહેલાં એ દેવીને આરાધતા. તેથી હજી પણ એને 'લૂંટારાઓની કાલી' કહેવાય છે. આરામબાગ પહોંચ્યા પછી બધાને થયું કે અંધારૂં થવાને હજી ઘણો સમય બાકી છે અને જો જરા ઝડપથી ચલાય તો એ જ દિવસે આ મેદાનો વટાવીને તારકેશ્વર પહોંચી જવાય.

માતાજી હંમેશાં બીજાના મતને નમતું આપતાં પછી ભલે બીજાને સગવડ કરી આપતાં પોતાને અગવડ ભોગવવી પડે. એ દિવસે પણ માતાજી ખૂબ થાકી ગયાં હતાં. પોતે આટલો લાંબો રસ્તો ચાલી શકશે નહિ તે જાણવા છતાં સૌ સાથે તેઓ ચાલવા



લાગ્યાં. થાકને લીધે તેઓ ચાલવામાં પાછળ પડી જતાં ત્રણચાર વાર એમના સંગાથીઓ એમને માટે ઊભા રહ્યા. પણ આખરે તેમને થયું કે આટલી ધીમી ગતિએ સાંજ પહેલાં પહોંચાશે નહિ અને પરિણામે રાત પડતાં મેદાનમાં જ તેમના જાન જોખમમાં મૂકાશે. વધુમાં માતાજીએ પોતે જ તેઓને પોતાની ફિકર ન કરતાં ઝડપથી તારકેશ્વર પહોંચી જવાનું કહ્યું ત્યારે તેઓ તેમને એકલાં પાછળ મૂકીને જ ઝડપથી ચાલવા માંડયાં.

સાંજ ઢળતી હતી ને રાત્રિનો અંધકાર ચારે તરફ પ્રસરી રહ્યો હતો. તો પણ માતાજી એકલાં એકલાં 'તેલોભેલો'ના એ નિર્જન પ્રદેશમાં આગળ ચાલતાં રહ્યાં. એટલામાં તો એક ઊંચા પડછંદ માણસને એમણે પોતાની તરફ આવતો જોયો. એ નજીક આવ્યો ત્યારે માતાજીએ જોયું કે એ ખૂબ કાળો ઘાટા ગૂંચળિયા-વાળા કાળા વાળવાળો, હાથમાં કડાં પહેરેલો લૂંટારો હતો. તેના ખભા પર ડાંગ હતી.

માતાજી જરા ગભરાઈને એકદમ ઊભાં રહી ગયાં. પેલો લૂંટારો માતાજીના મનનો ભાવ સમજી ગયો ને વધુ બીક બતાવવા મોટા અવાજે પૂછ્યું, "એઈ! આવે વખતે ત્યાં કોણ ઊભું છે? ક્યાં જવું છે?" "પૂર્વ તરફ", માતાજીએ કહ્યું, "આ બાજુથી રસ્તો નથી, પેલી બાજુ જવું પડશે." પેલાએ કહ્યું, તો પણ માતાજી હાલ્યાં ચાલ્યાં નહિ. એટલે એ માણસ ખૂબ નજીક આવી ગયો પણ માતાજીનું મુખ જોતાં એના વર્તનમાં એકાએક પરિવર્તન આવ્યું ને એ ક્રૂર લૂંટારાએ નરમ અવાજે કહ્યું, "ડરો નહિ. મારી સાથે મારી બૈરી પાછળ પાછળ આવે છે." માતાજીએ જોયું તો સાચે જ એક સ્ત્રી દૂરથી એ તરફ આવતી હતી. તેથી હિંમતથી એમણે બોલવા માંડયું, "બાપુ, મારા સંગાથીઓ મને

છોડીને આગળ ચાલ્યા ગયા છે. વળી મને લાગે છે કે હું રસ્તો પણ ભૂલી છું. મને એમની પાસે લઇ જશો? તમારા જમાઇ દક્ષિણેશ્વરમાં રાણી રાસમણિના કાલીમંદિરમાં રહે છે. હું એમની પાસે જતી હતી. તમે મને એમની પાસે લઇ જશો તો એ તમારું અંતરથી ખૂબ સ્વાગત કરશે." એમણે બોલવાનું પૂરું કર્યું તે પહેલાં પેલી સ્ત્રી આવી પહોંચી. માતાજીએ લાગણીથી અને ભરોસાથી એનો હાથ પકડીને કહ્યું, "મા, હું તમારી દીકરી શારદા છું. મારા સંગાથીઓ મને છોડીને ચાલ્યા ગયા છે. તેથી હું વિપત્તિમાં પડી હતી. સારે નસીબે તમે બંને આવી પહોંચ્યા. નહિ તો હું શું કરત?"

માતાજીના નિઃસંકોચ સરલ વર્તન, સંપૂર્ણ ભરોસો ને મીઠી વાતોથી આ હલકી ગણાતી 'બાગદી' જાતિના લૂંટારૂ–દંપતીનાં હૈયાં એકદમ જિતાઇ ગયાં. પરિણામે એક બ્રાહ્મણ સ્ત્રી ને પોતાની વચ્ચેનો સામાજિક ભેદભાવ ભૂલી જઇ, સાચે જ પોતાની દીકરી હોય એમ તેઓ એને સાંત્વન આપવા માંડયાં. માતાજી થાકેલાં હતાં. તેથી એમને આગળ જવા ન દીધાં, પણ પાસેના ગામમાં એક નાનકડી દુકાનમાં લઇ ગયાં. તે બહેને પોતાનું લૂગડું પાથરીને માતાજી માટે પથારી કરી આપી. તેમનો પતિ એમને માટે મમરા લઇ આવ્યો. પછી હેતથી એને સૂવાનું કહી પોતે ડાંગ લઇ પહેરો ભરતો ઊભો રહ્યો.

પરોઢ થતાં, તારકેશ્વરને રસ્તે ચાલતાં ચાલતાં, 'બાગદી મા' એ માતાજી માટે ખેતરમાંથી લીલા વટાણા વીણીને માતાજીને આપ્યા. નાનકડી છોકરીની માફક માતાજીએ પણ એ લીધા ને ખાતાં ખાતાં ચાલવા લાગ્યાં. સૂર્યોદય પછી દોઢેક કલાકે તેઓ



તારકેશ્વર પહોંચ્યા. ત્યાં બાગદી સ્ત્રીએ એના વરને કહ્યું, "મારી દીકરીએ તો રાતના કંઇ ખાધું જ નથી. ભગવાન તારકેશ્વરની પૂજા જલદી કરી લો. પછી બજારમાંથી સારી વસ્તુઓ લઇ આવો. એને આજે સારી રીતે ખવડાવીશ." 'બાગદી' ભાઇના ગયા પછી માતાજીના સંગાથીઓ એમને શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા ને એમને સહીસલામત જોઇ ખુશી થયા. માતાજીએ પોતાની 'બાગદી મા' સાથે એમની ઓળખાણ કરાવી ને કહ્યું, "એ લોકોએ આવીને મને ન બચાવી હોત તો રાત્રે હું શું કરત!"

માતાજી અને એ બાગદી દંપતી એક જ રાતમાં પરસ્પરની નજીક એટલાં આવી ગયાં હતાં કે છૂટાં પડવાના વિચારથી ત્રણેની આંખમાં અવિરત આંસુ વહેવા લાગ્યાં. યાત્રાળુઓ આગળ વધ્યા ત્યારે બાગદી દંપતી એમની સાથે ઘણે દૂર સુધી ચાલ્યાં. પછી બાગદી સ્ત્રીએ ખેતરોમાંથી લીલા વટાણા ચૂંટી માતાજીના પાલવમાં બાંધી આપ્યા ને ગળગળાં થઇ કહ્યું, "દીકરી શારદા, તું રાતે મમરા ખાય ત્યારે સાથે આ વટાણા ખાજે." માતાજીએ એ લોકો પાસે દક્ષિણેશ્વર આવવાનું વચન લીધું ને પછી વિદાય લીધી. એ લોકોએ માતાજીને આપેલ વચન પાળ્યું પણ એમને મળવા ગયાં ને પ્રત્યેક વાર એમને માટે જાતજાતની ભેટ પણ લઇ જતાં. માતાજી પાસેથી બધી વાત સાંભળીને ઠાકુર પણ એમના તરફ જમાઇ તરીકે જ માયાળુ વર્તન રાખતા.

એક વાર વાતો કરતાં માતાજીએ ભક્તોને કહ્યું કે એમણે એક દિવસ પોતાનાં બાગદી માતાપિતાને પૂછયું હતું કે, "તમે મારા તરફ આટલો પ્રેમ કેમ રાખો છો?" ત્યારે તેમણે જવાબ

આપ્યો હતો કે, "તું તો સાધારણ સ્ત્રી નથી. અમે તને કાલીના રૂપમાં જોઇ છે." માતાજી એમને અટકાવીને બોલ્યાં હતાં, "કેવી વાત કરો છો? તમે મને એવી કેવી રીતે જોઇ શકો!" ત્યારે શરમાયા વગર દુઃખ પ્રગટ કરી એ લોકોએ કહ્યું હતું, "ના મા, અમે સાચે જ જોયું હતું. અમે પાપી છીએ એટલે તું તારું સાચું રૂપ છૂપાવે છે." ઉદાસીનતાથી માતાજીએ જવાબ આપ્યો હતો, "કોણ જાણે, હું તો કાંઇ જાણતી નથી." માતાજીએ એક અર્થ-પૂર્ણ વાત કહી કે, "મારા લૂંટારુ બાપ આટલા સીધા ને સચ્ચરિત્ર હતા, તોયે એણે પહેલાં ઘણી વાર લૂંટ કરી હશે એમ લાગે છે." (માતાના આ કથન ઉપરથી એવું અનુમાન કરી શકાય કે અગાઉ અનેક લૂંટો કર્યા પછી પણ માના મેળાપ પછી તેણે લૂંટ કરવાનું છોડી દીધું હશે. તેમ જ 'તેલોભેલો'ના નિર્જન પ્રદેશમાં માતાજીને એ રાત્રે એ બાગદી લૂંટારાએ પડકાર્યા ને માતાજીની નજીક આવી તેમનું મુખ જોયા પછી તે લૂંટારાના વર્તનમાં એકદમ પરિવર્તન આવી ગયું ને નરમ બની ગયો તેનું કારણ પણ હવે સમજાઇ ગયું હશે.)

માતાજીનાં દૈવીત્વ વિષે અગાઉ ઘણા ઉલ્લેખો આવી ગયા છે. એવા ઉલ્લેખો ઉપર ટૂંકમાં ફરી ઊડતી નજર નાંખીએ.

* * *

માતાજીની બાલ્યાવસ્થામાં તેમને ઘરનાં ઘણાં કામ કરવાં પડતાં. તે સમયે માતાજી જેવડી જ એક છોકરી હંમેશાં તેમની સાથે રહી માને બધાં જ કામમાં મદદ કરતી. તેમની સાથે આનંદ પણ કરતી. પણ બીજું કોઇ આવી ચડે તો તેને માતાજી જોઇ શકતાં નહિ. આ ઘટના તેમની દસ—અગિયાર વર્ષની ઉંમર સુધી ચાલુ રહી.



પાણીમાં ઉતરી મા જ્યારે ઘાસ કાપતાં ત્યારે એમની જ ઉંમરની એક છોકરી તેમને ઘાસ કાપી આપતી. ઘાસની એક પૂળી કિનારે મૂકીને પાછાં આવીને જોતાં તો એ છોકરીએ બીજી એક પૂળી એમને માટે તૈયાર કરી રાખી હોય. (આથી સ્પષ્ટ થાય છે કે સાક્ષાત જગદંબાનું અન્ય સ્વરૂપ માને કામમાં મદદ કરવા આવતું પણ અન્યની ઉપસ્થિતિમાં તરત જ અદૃશ્ય થઇ જતું.)

* * *

તેર વર્ષની ઉંમરે માતાજી જ્યારે કામારપુકુરમાં હતાં, ત્યારે એક અલૌકિક બનાવ બન્યો હતો. તે વખતે બંગાળમાં આબરૂદાર ઘરની સ્ત્રીઓ એકલી છૂટથી બહાર જઇ શકતી નહોતી. ગામડાનો રસ્તો અને બીજાંઓનાં ઘરો વટાવીને વિશાળ 'હાલદારપુકુર'માં નાહવા જતાં એમને વિચાર આવતો "હું તો નવી વહુ છું. એકલી કેવી રીતે નાહવા જાઉં!" એમ વિચારતાં હતાં ત્યાં એમણે જોયું કે આઠ છોકરીઓ આવે છે. તેથી માતાજીએ ચાલવા માંડયું. આમાંની ચાર છોકરીઓ એમની આગળ ને ચાર એમની પાછળ ચાલવા લાગી. એવી રીતે હાલદારપુકુર પહોંચીને બધાંએ સ્નાન કર્યું ને ગયાં હતાં તેવી જ રીતે પાછાં ઘરે આવ્યાં. જેટલા દિવસ માતાજી ત્યાં હતાં, ત્યાં સુધી દરરોજ આમ બનતું. ઘણી વાર એમને વિચાર આવતો કે આ છોકરીઓ કોણ હશે? બરાબર નાહવા જતી વખતે જ રોજ આવે છે. પણ તેમને કાંઇ સમજ પડી નહિ અને એમણે તેઓને કંઇ પૂછયું પણ નહિ. (આ પ્રસંગ ઉપરથી સમજી શકાય કે તે જગદંબાની આઠ સખીઓ હોય. નવદુર્ગામાંના અન્ય આઠ સ્વરૂપો હોય અને નવમા માતાજી પોતે જ. એમ જગદંબાનાં નવ સ્વરૂપો સાથે સ્નાન કરવા જતાં અને સ્નાન કર્યા પછી સાથે જ પાછાં ફરતાં.)

શ્રી રામકૃષ્ણદેવનો ભાણેજ હૃદયનાથ અભિમાનથી છકી જઇ ઠાકુર તથા માતાજી સાથે ઉદ્ધત વર્તન કરતો. એક વાર માતાજી સાથેની એની આવી ખરાબ વર્તણૂંક જોઇ શ્રી રામ-કૃષ્ણદેવે એને ઠપકો આપતાં કહ્યું, "અરેરે હૃદે, તું આની સાથે (પોતાના શરીર તરફ આંગળી ચીંધી) તુચ્છકારથી વાતો કરે છે, પણ આમની (માતાજીની) સાથે નહિ કરતો. આની અંદર (પોતા-માં) જે છે તે ફણા ઊંચી કરશે, તોય તને બચાવી શકશે, પણ એમની (માતાજીની) અંદર જે છે તે ફણા ઊંચી કરશે તો બ્રહ્મા વિષ્ણુ ને મહેશ્વર પણ તને બચાવી નહિ શકે."

(આ ચેતવણીમાં માતાજી સાક્ષાત્ જગદંબા છે તેવો આડકતરો ઉલ્લેખ રહેલો છે.

* * *

ઠાકુર પાસે ઘણા ભક્તો આવવા લાગ્યા ને એમને પુષ્કળ ફળ, મીઠાઇ ધરવા લાગ્યા. ઠાકુર આ બધું નોબતખાનામાં મોકલી આપતા. ઠાકુરની પાસે આવતા બાળભક્તો અને સ્ત્રીભક્તો માતાજી પાસે પણ જતાં. વાત્સલ્યમૂર્તિ માતાજી તેઓનો આદરસત્કાર કરતાં ને કોઇને પણ કદી જમ્યાવિના જવા ન દેતાં.

એક દિવસ આમ બધું આપી દેતાં જોઇને ગોપાલનાં મા બોલી ઊઠયાં, "અરે વહુ! મારા ગોપાલ (શ્રી રામકૃષ્ણ) માટે કંઇ ન રાખ્યું?" માતાજી શરમથી નીચું જોઇ રહ્યાં. ઠીક તે જ વખતે નવગોપાલનાં પત્ની એક ટોપલી ભરીને સંદેશ (બંગાળની મીઠાઇ) લઇ ઘોડાગાડીમાંથી ઊતર્યાં. એથી માતાજીની મૂંઝવણ દૂર થઇ. ઠાકુર માતાજીનો આ ઉદાર સ્વભાવ જાણતા હતા. એક દિવસ કોઇ કારણસર માતાજી એમના ઓરડામાં આવ્યાં ત્યારે



ઠાકુરથી સહજ રીતે કહેવાઇ ગયું, "આટલો છૂટો હાથ રાખશો તો કેવી રીતે પહોંચી વળાશે?" એ સાંભળતાવેંત કાંઇ પણ બોલ્યા વિના માતાજી નોબતખાના તરફ પાછા ફર્યાં. એ જોઇ ઠાકુરે અસ્વસ્થ થતાં ભત્રીજા રામલાલને કહ્યું, "ઓ રામલાલ! જલદી જઇને તારી કાકીને શાંત કરી આવ. એ ગુસ્સો કરશે તો આનું (પોતાના શરીર તરફ આંગળી ચીંધી) બધું જ કર્યું કારવ્યું ધૂળમાં મળી જશે. (આ પ્રસંગમાં પણ માતાજી સાક્ષાત જગદંબા છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે.)

* * *

સારવાર માટે શ્રી રામકૃષ્ણ દક્ષિણેશ્વર છોડી શ્યામપુકુર ગયા ત્યારે માતાજી એકલાં ચિંતામાં દિવસો વિતાવતાં હતાં. એક વખત ગુલાબમાએ યોગિનમાને કહ્યું, "જો યોગેન, કદાચ ઠાકુર મા ઉપર ગુસ્સે થઇને કલકત્તા ચાલ્યા ગયા લાગે છે." યોગિનમાએ આ વાત માતાજીને કહી. માતાજી તરત જ ઘોડાગાડી કરીને શ્યામપુકુર ગયાં. ઠાકુરને રડતાં રડતાં તેમણે પૂછયું, "શું તમે મારા ઉપર ગુસ્સે થઇને અહીં ચાલ્યા આવ્યા છો?" ઠાકુર બોલ્યા, "ના, ના, આવી વાત વળી તમને કોણે કરી?" માતાજીએ કહ્યું, "ગુલાબે." "એમ? આવી વાત કરી એણે તમને રડાવ્યાં! એને ખબર નથી કે તમે કોણ છો?" આથી માતાજી શાંત થઇ દક્ષિણેશ્વર પાછાં ફર્યાં. આ પછી જ્યારે ગુલાબમા ઠાકુર પાસે આવ્યાં ત્યારે એમને ઠપકો આપતાં ઠાકુરે કહ્યું, "તેં એમને શી વાત કરી આટલાં રડાવ્યાં? ખબર છે એ કોણ છે? હમણાં જ જઇ એની માફી માગી આવ." (આમાં પણ માતાજી દેવી છે એવો આડકતરો ઉલ્લેખ છે.

* * *

ઠાકુરે એક વાર ગુલાબમાને કહ્યું, "એ છે શારદા—સરસ્વતી. જ્ઞાન આપવા આવેલ છે. એ તો છે જ્ઞાનદાયિની. ખૂબ બુદ્ધિમાન! કંઇ જેવાં તેવાં નથી. એ તો મારી શક્તિ છે." આ ઉપરાંત શ્રી રામકૃષ્ણદેવે એક વાર મા શારદાની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ષોડસોપચારથી પૂજા કરેલ તે પ્રસંગ અગાઉ ખૂબ જ વિસ્તારથી આપેલ છે.

* * *

મા શારદા સાક્ષાત્ જગદંબા છે એવાં ઘણાં સીધા કે આડ-કતરા ઉલ્લેખો તેમનાં જીવનચરિત્રમાંથી વાંચવા મળે છે.

(છિલ્લા બે—એક વર્ષમાં મા શારદાનાં જીવન ઉપર 'અધ્યાત્મ' માસિકમાં ઘણો પ્રકાશ પાડવામાં આવેલ છે. પ્રભુએ જે કાંઇ લખાવ્યું તે મારી અલ્પબુદ્ધિ અનુસાર રજુ કરેલ છે.)

## ચૂંટેલાં પુષ્પો

પ્રેમ એ જ પરમાત્મા. સત્ય એ જ ઈશ્વર. શાંતિ એ જ પરમેશ્વર, જ્ઞાન એ જ ભગવાન, શક્તિ એ જ વિભુ, પરમાનંદ એ જ પ્રભુ. એ તમારા હૃદયમાં વસે છે. એ તમારો સાચો મિત્ર અને સાથી છે. એ તમારા ખરા માતપિતા છે. એનો સાક્ષાત્કાર કરો અને શાશ્વત સુખ અને શાંતિ મેળવો.

* * *

સરળ બનો. નમ્ર બનો. વિવેકી બનો. પ્રામાણિક બનો. નિષ્ઠાવાન બનો, બહાદુર બનો. આનંદી રહો. કોઇ પણ કામમાં વિધેયાત્મક વલણ સફળતા અપાવે છે. નિષેધાત્મક અભિગમ નિષ્ફળતા આણે છે. સંતની માફક પ્રકાશી ઊઠો.



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરી સ્વસ્થતાપૂર્વક બોલી : 'કોઇનું પતન કોઇ કરે છે તે તો તેના પતનમાં માત્ર નિમિત્ત જ બને છે. માણસનું પતન અથવા ઉત્થાન ખરી રીતે તો તેનાં કર્મો જ કરતાં હોય છે. તમે તો વેદશાસ્ત્રના જ્ઞાતા તથા જ્ઞાની છો, એટલે એ વાત સહેલાઇથી સમજી શકશો. મને તાજેતરમાં તમારા સંબંધમાં એક અશુભ સ્વપ્ન આવ્યું છે. એથી મારી ચિંતા અને આશંકા વધી પડી છે. મારા સ્ત્રીસહજ ધર્મનો વિચાર કરીને એટલા માટે જ હું તમને તેમ જ સીતાને મદદરૂપ થવા તૈયાર થઇ છું.'

એટલું કહીને મંદોદરીએ રાવણને પોતાને આવેલા દેવર્ષિ નારદના સ્વપ્નની વાત કહી બતાવી.

એ સાંભળીને રાવણ હસ્યો ને બોલ્યો : 'સ્વપ્ન જો સાચાં પડતાં હોત તો તો પછી કહેવાનું જ શું હતું? સ્વપ્નનો કાંઇ ભરોસો છે? આવાં સ્વપ્નાં તો મને પણ આવ્યા કરે છે. એમની દ્વારા મને સંકેત મળે છે, કે યુદ્ધમાં હું રામના પર વિજય મેળવીશ. એક સ્વપ્ન તો એવું આવેલું કે સીતા મારી પટરાણી બનીને મારી સાથે રાજસિંહાસન પર વિરાજમાન થઇ છે. એ સ્વપ્નના સંકેતને જરૂર સાચા માનું છું. બાકી તારા સ્વપ્નને સાચું કે મહત્ત્વનું માનીને શંકાશીલ કે ભયભીત નહિ બની જાઉં. તું તો મને નાહિંમત કરવા અને સીતાને છોડાવવા પણ એવું બનાવટી સ્વપ્ન કહી બતાવતી હોય.'

'હું કોઇ જાતનું બનાવટી સ્વપ્ન શા માટે કહી બતાવું? હું તો મને આવેલા સાચા સ્વપ્નનો જ ઉલ્લેખ કરી રહી છું.'

'છતાં પણ મને એનો જરાક પણ ભય નથી લાગતો.'

'એ સ્વપ્ન કોઇ સામાન્ય માનવનું નહિ પણ દેવર્ષિ નારદનું હતું.'

'તો પણ શું થયું? દેવર્ષિ નારદને કાંઇ કહેવું હોય તો મારી સામે આવીને શા માટે નથી કહેતા? મારા લોકોત્તર સામર્થ્યની એમને ખબર છે. એટલે સીતાની વિરહવ્યથાનો ભોગ બનેલા રામને ઉગારવા માટે એમણે આવી યોજના ઘડી કાઢી. સ્ત્રીઓનાં કાળજાં ખૂબ જ નાજુક અને કોમળ હોય છે. એટલે નારદ જેવા દેવપુરુષો એમને આવી રીતે અસર પહોંચાડીને ધારેલું કામ કઢાવી લે છે. એ એમની ચતુરતા છે. પરંતુ એવી ચતુરતાનો ભોગ બનીને સીતાને નહિ છોડું. તારા અનશનનું દબાણ કે સ્વપ્નના સૂચનનો ભય, કશાથી ચલિત થઇને મારા નિશ્ચિત કરેલા માર્ગને નહિ છોડું.'

મંદોદરીએ દુઃખી સ્વરે કહ્યું : 'ભાતભાતની તપશ્ચર્યાઓ તથા ઉપાસના કરીને તમે આજ મેળવ્યું? તમારું અંતર સત્યના પવિત્ર પ્રકાશથી પ્રકાશિત થવાને બદલે ઊલટું જડ બન્યું છે.'

'તને એવું ભલે લાગે. મારું અંતર જડ નથી પણ ચિન્મય છે. એ પરમજ્ઞાન ભક્તિરસ, તેમ જ ભાવથી ભરપૂર છે. તું તારી નજરે જોઇશ તો એ જડ લાગશે, પરંતુ મારી દૃષ્ટિથી નિહાળીશ તો એ ચૈતન્યથી ચમકતું દેખાશે. તપ તથા ઉપાસના દ્વારા એવા અલૌકિક અંતરને મેળવવાની સાથે સાથે મેં દેવો તેમ જ સિદ્ધોને પણ દુર્લભ એવી અસાધારણ શક્તિઓ પણ પ્રાપ્ત કરી છે. એ



શક્તિઓને લીધે હું અજય છું, અમર છું, અને અભય છું. મારી બરાબરી કરી શકે એવું ત્રિલોકમાં કોઇ જ નથી. રામે તો શું પરંતુ હજાર રામ ભેગા થાય તોપણ મારા અનંત સામર્થ્યની બરાબરી નથી કરી શકે તેમ.'

મંદોદરી શાંત રહી. રાવણ સાથે વધારે દલીલોમાં ઊતરવાનું એને ઠીક ન લાગ્યું. એ નિશ્વાસ નાંખીને ઊભી થઇ. બાજુના ખંડમાં જતાં જતાં એણે ઉદ્‌ગાર કાઢ્યા : 'તમારે ગળે મારી વાત ઊતરે કે ના ઊતરે એ વાત જુદી છે, પરંતુ મેં મારી ફરજ બજાવી દીધી અને હજુયે બજાવતી રહીશ. કાલે ઊઠીને તમને કે લંકાને કાંઇ થાય તો તેને માટે મારી જવાબદારી નહિ રહે. વિધાતા મને દોષ નહિ દે. આ રાજપ્રાસાદ, એની આ દીવાલો, આ ઉદ્યાન, વાયુની આ લલિત લહરી અને આ સમસ્ત પ્રકૃતિ કહેશે કે મેં તમને સાચી સલાહ આપવામાં બાકી નથી રાખી. હું તદ્દન નિર્દોષ છું.'

રાવણે વિદાય થતાં કહ્યું : 'તને કોઇ કશો જ દોષ નથી દેવાનું, તું તદ્દન નિર્ભય રહેજે. બધો દોષ ભલે મને દેવાય. પરંતુ મને દોષ દેવાય એવી પરિસ્થિતિ જ પેદા નથી થવાની, પછી શું? મને એની ચિંતા જ નથી થતી.'

બે દિવસ બાદ રાવણ અશોકવાટિકામાં સીતાની પાસે આવ્યો, ત્યારે સીતા મુખને નીચું રાખીને, રામના સ્મરણમાં લીન બનીને, આંસુ સારી રહેલી.

રાવણે એને કહ્યું : 'સીતા, સુનયના, સુમુખી! જરા મારી તરફ તો જો : તારી મધુમયી દૃષ્ટિને મારી દૃષ્ટિ સાથે એક તો કર. એનું અમીપાન કરવા માટે મારું તન, મન અને અંતર આતુર છે.'

સીતાએ દૃષ્ટિને ધરતી પર ઢાળેલી રાખીને કહ્યું : 'એનું અમીપાન કરવાનું સૌભાગ્ય તને કદી પણ નથી મળવાનું. એ સૌભાગ્ય તો રામને માટે જ સુરક્ષિત છે. મારું સર્વ કાંઇ અથવા સમસ્ત જીવન એક માત્ર રામને જ સમર્પિત થયેલું છે, રામને માટે જ છે, અને બીજા કોઇનું ય નથી થવાનું. તું એની આશા રાખતો હોય તો એ આશા વ્યર્થ છે. જેવી રીતે આકાશની સામે બાથ ભરવાથી કશું જ હાથમાં નથી આવતું, પરંતુ બધો જ પરિશ્રમ નકામો જાય છે, તેવી રીતે તારા હાથમાં પણ કશું નહિ આવે અને તારો બધો જ પરિશ્રમ નકામો જશે. મારું અમીપાન કરવાનું તો બાજુએ રહ્યું, પરંતુ રણમેદાનમાં પોતાની શૂરવીરતા-નો સ્વાદ ચખાડીને રામ તને રક્તનું પાન જરૂર કરાવશે. ત્યાં સુધી તારી બુદ્ધિ ઠેકાણે નહિ આવે એમ લાગે છે.'

રાવણે સહેજ પણ સંકોચ પામ્યા સિવાય કહ્યું : 'મારી બુદ્ધિ ઠેકાણે જ છે, પરંતુ તારી બુદ્ધિ બહેર મારી ગઇ લાગે છે અને રામ વિના બીજું કશું જ નથી વિચારી શકતી તે હવે ઠેકાણે આવી જાય તો સારું. રામનું ચિંતન છોડીને મારું ચિંતન કરવા માંડીશ તથા મારી પ્રિયતમા બનીશ ત્યારે જ તું સુખી બનીશ. ત્યાં સુધી તારા દુઃખનો પાર નહિ રહે. તારી સામે સુખનો સરસ માર્ગ પડેલો છે તોપણ તેના પર નથી ચાલી શકતી અને હાથે કરીને દુઃખ તથા વેદનાને વહોરી લે છે એ તારું દુર્ભાગ્ય સૂચવે છે. એ દુર્ભાગ્યને તું જાણવા છતાં પણ પસંદ કરી રહી છે એના કરતાં વિશેષ કરુણતા બીજી કયી હોઇ શકે?

(ક્રમશઃ)



# નારી તો નારાયણી !

ઈશ્વરભાઇ પ્ર. ભક્ત (પરમાર્થી)

અમેરિકામાં ફરતા ફરતા ત્રણ ચાર સ્થળોએ એક જ પ્રકાર-નો પ્રશ્ન મને પૂછવામાં આવ્યો, તેથી તે વિષે થોડું વધુ સ્પષ્ટી-કરણ કરતો લેખ લખવાનો મને વિચાર સ્ફુર્યો. પ્રશ્ન હતો : ભારતના સંતો, ઋષિઓ ને વિચારકો સ્ત્રીને બુદ્ધિહીન ગણે છે તેમાં તથ્ય કેટલું? આવો પ્રશ્ન પૂછનારના મનમાં તો ભારતદેશ માટે માન જણાતું નહોતું. પ્રશ્ન એવી રીતે રજૂ થયો હતો કે તેમાં ધીક્કારની લાગણી વ્યક્ત થતી હતી. ભારતદેશના ધર્મને તત્ત્વજ્ઞાન માટે તેમને પૂછવામાં આવ્યું તો તેમણે પોતાનું અજ્ઞાન જ દર્શાવ્યું. તેઓ ભારતીય ખરા, કારણ કે ભારતમાં જન્મેલા. પરંતુ પોતાના દેશના મહિમા વિષે તો સાવ અજ્ઞાન. અને તે અજ્ઞાન પોતે ઘણું જાણે છે, સમજે છે એવા દંભવાળું. પરિણામે કોઇ સાચું કહે તો પણ તે માનવા તૈયાર નહીં. પરદેશમાં વસતા ઘણા લોકો આવી ગ્રંથિથી પીડાતા હોય છે. તેઓ આવા પ્રશ્નો અનેક સ્થળોએ રજૂ કરતા પણ હોય છે. તેથી મેં વિચારપૂર્વક તેઓના મનને થોડો આઘાત લાગે તેવી અમેરિકા વિષેની થોડી વાતો કરવા પ્રયત્ન કરી જોયો તો તે સજ્જન સાવ ઢીલા ઢસ થઇ ગયા.

મેં અમેરિકાની પ્રવર્તમાન Free Sex—મુક્ત સહચાર—ની વિચારસરણી વિષે વાત ઉપાડી. પશ્ચિમના યુવકો Free Sex—ના વિચારોથી પીડાય છે. તેની પાછળ Equality of Sex—સમાન જાતીયતા—નો સિદ્ધાંત રહેલો છે તે અમેરિકાના તજ્જ્ઞોના

અભિપ્રાયો રજૂ કરી સમજાવ્યું. આ સિદ્ધાંતનો પ્રચાર ટી. વી. જેવા માધ્યમદ્વારા થાય એટલે સહેજે લોકમાનસ પર ઘેરી અસર થાય. એટલું નહિ પણ આ પ્રકારના પ્રચારના બળે દેશ–વિદેશના સીમાડાઓને ભેદીને Free Sex–ના વિચારને ગુંજતો કરી દીધો છે. ભારતના લોકો ને વિચારકો અળગા કેવી રીતે રહી શકે? કેટલાક વિચારકોએ તો તેની સાથે તાલ મિલાવવા શોરબકોર પણ કરી જોયો છે. ભારતીય ફિલ્મ ઉદ્યોગે તેનો પ્રારંભ કર્યો અને લોકમાનસને ઘેલું કરી દીધું છે. જે લોકો ઉછીનું લઇને પ્રચારક બને છે તે લોકો અંગ્રેજોએ વિકૃત રીતે રજૂ કરેલા ભારતીય શાસ્ત્રગ્રંથોને પ્રમાણ તરીકે માને અને મનાવે. આજે ભારતના કેટલાક ભણેલા ગણેલા આગળ પડતા લોકો સ્ત્રીપુરુષની સમાનતાનો પ્રચાર કરવામાં પોતાના પગ તળેની ધરતી પણ સરકી રહી છે તેનું ભાન ભૂલી ગયા લાગે છે અને કહે છે કે સનાતનધર્મના ગ્રંથો તો સ્ત્રી જાતિના દુશ્મન છે. ભગવાન મનુથી માંડીને તમામ શાસ્ત્ર ગ્રંથોની હોળી કરી દો તો જ સ્ત્રી જાતિનો ઉદ્ધાર થશે!

ખરેખર શાસ્ત્ર ગ્રંથોની હોળી કરવાથી વિચાર કદી મરતો નથી. વિચાર તો પવનથી પણ વધુ વેગવાન બનીને પ્રસરતો હોય છે. તેને સળગાવી શકાતો હોત તો તો ક્રાન્તિ સરળ બની જાત! યાદ કરો રશિયાની ક્રાન્તિને! મંદિરો, ધર્મગુરુઓ, ધર્મગ્રંથો સૌને શોધી શોધીને બાળી મૂકવામાં આવેલાં! તમામનો નાશ કરી દેવામાં આવેલો તે જગપ્રસિદ્ધ વાત આજે કોની સાક્ષી પૂરે છે? આજે પોણી સદી થયા પછી પણ જે કારણોસર ક્રાંતિ કરવામાં આવેલી તે સદંતર નિષ્ફળ ગયાનો પૂરાવો જાણે કે રજૂ કરે છે! ધર્મને અફીણની ઉપમા આપીને ધર્મથી દૂર રહેવાની શિખામણ



આપવામાં આવેલી. તે શિખામણમાં જ અધૂરપ હતી–કાંઇક દોષ હતો. પરિણામે ક્રાન્તિ કરનારા સૌ મૃત્યુ પામ્યા છતાં સાચી ક્રાન્તિ થઇ શકી નહીં. જે ખૂનામરકી ક્રાન્તિને બહાને થઇ હતી તે જ ખૂનામરકી આજે પણ ચાલુ જ રહી છે. ત્યાંની પ્રજામાં નથી સુખચેન કે નથી શાંતિ! માટે સમજુ ને બુદ્ધિશાળી પ્રજાએ તો સમજી લેવું જરૂરી છે કે વાઘરી માટે ભેંસને મારી નાંખવાનો નિર્ણય સદંતર ખોટો હોય છે. વિચારમાં દોષ જણાય તો દોષ જરૂર દૂર કરવો જ જોઇએ. પરંતુ તે દોષને દૂર કરવા તમામ શાસ્ત્રગ્રંથોને સળગાવી મૂકવાના અવિવેકી વિચારથી માણસજાતને સ્હેજ પણ લાભ પ્રાપ્ત થતો નથી એ નિર્વિવાદ વાત છે.

Equality of Sex–ની વિચારસરણીને કારણે અમેરિકાની પ્રજાને આજે કેટલું નુકશાન થઇ રહ્યું છે તે અંગે ટેક્ષાસ યુનિવર્સિટીના પ્રો. નાવેલ. ડી. ગ્લાને સર્વેક્ષણ કરીને સ્પષ્ટ બતાવી દીધું છે. ન્યુયોર્કથી પ્રગટ થતા ગુજરાત સમાચાર અખબારમાં તે આંકડાઓ વાંચીને હું તો તાજુબ પામી ગયેલો! પ્રો. ગ્લાને ઇ. સ. ૧૯૮૦ થી ઇ. સ. ૧૯૯૦ સુધીનું જ સર્વેક્ષણ કર્યું છે અને આ પ્રમાણે આંકડાઓ રજૂ કર્યા છે : ઇ. સ. ૧૯૮૦ માં ૩૪.૫% લોકોએ લગ્ન કર્યા જ નહીં. ઇ. સ. ૧૯૯૦ માં તે આંકડો વધીને ૩૮.૬% નો થયો જે ચિંતાજનક ગણાય. સો માણસોમાં ૬૬ લોકો પરણે ને ૩૪ લોકો ન પરણે કારણ કે તેઓ મુક્ત સહચારમાં માને છે. લગ્ન વિના મુક્ત સહચારનો આનંદ માણી શકાય છે. આવા લોકો સમાજને કયી દિશામાં લઇ જશે? સમાજને માથે કેવો ભાર ઊભો કરશે? જે લગ્ન ન કરે તે કાંઇ સંયમી પુરુષો નથી જ. બલકે સંયમ પ્રત્યે સૂગ હોવાથી તો મુક્ત સહચારની વિચારસરણી સ્વીકારી. નૈસર્ગિક વૃત્તિઓના તેઓ શિકાર તો થવાના જ! જ્યારે શિકાર થશે ત્યારે આવેશના પૂરમાં

કોઇ પણ પ્રકારનો વિવેક રહેશે નહીં તે સમજી શકાય એવી વાત છે. અનેક પ્રકારના રોગો ને અનેક પ્રકારની મુશ્કેલીઓ તે કારણે સર્જાતી રહેશે તે માટે કોણ જવાબદાર? તેથી પ્રો. ગ્લાને ચિંતા વ્યક્ત કરતાં સ્પષ્ટ કહ્યું છે : "ભવિષ્યમાં અગર જો અમેરિકન સમાજની તારાજીનું તારણ કાઢવામાં આવશે તો તેના પાયામાં સ્વાર્થીપણું, સ્વતંત્ર જીવન જીવવાની નેમ અને ભૌતિક સુખ મેળવવા માટે ભયંકર પાગલપણું જ હશે."

જેમ જેમ માનવ સ્વાર્થાંધ બનતો જશે તેમ તેમ જગતમાં વ્યક્તિવાદ વધતો જશે અને સમાજ તૂટતો જશે. સ્વતંત્ર જીવન જીવી શકાય પણ તેના સુખ માણવામાં વિવેક ન રહે તો તે સ્વચ્છંદતામાં જ સરી પડે અને કુટેવોની પરતંત્રતા તેના પર સવાર થઇ જાય! ભૌતિક સુખની અવગણના તો કેવી રીતે થઇ શકે? જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી ભૌતિક સુખની આવશ્યકતાનો સ્વીકાર કરવામાં કશો વાંધો નથી. પણ તેની મર્યાદા નક્કી હોય છે. ધર્મના પાયા પર અર્થ ને કામ પ્રામ કરવા અને ધર્મના પાયા પર જ તેને ભોગવવા! આ મર્યાદાને વટાવી જનાર સમાજ સુખ ભોગવી શકતો નથી. તેવા સમાજની સામે સુખને બદલે દુઃખનો દરિયો જ લ્હેરાવા માંડે છે. માનવ સુખચેન પણ ગુમાવી બેસે છે. अशान्तस्य कुतः सुखम् એ ગીતાવાક્યની યાદ કરાવે છે. આ બધાં દૂષણો ઉપયોગિતાવાદને કારણે વધતા જાય છે. ઉપયોગિતાવાદની વિચારસરણીમાં માનવમનની ખાસિયત વ્યક્ત થઇ છે. ઉપયોગી હોય તેનું જ મનમાં સ્હેજે આકર્ષણ હોય. પરંતુ સ્હેજ અઘરું હોય, વધારે મહેનત કરાવે એવું હોય તે ઉપયોગી હોવા છતાં મનને તે પસંદ નથી પડતું. કંઇ ઓછી મહેનતે, વગર મહેનતે તેવું મળતું હોય તો તેવું મેળવવાની ઇચ્છા મનને થાય. ઉપયોગિતાવાદનો પ્રચાર એવા જ કંઇ ઓથા નીચે



કરવામાં આવ્યો છે. તેથી કોઇ પણ કામ કરતા પહેલાં કેટલો લાભ થશે તેનો વિચાર કરવાની ટેવ પડે છે. ન લાભ થતો હોય તો કામ ન કરવું એ ખતરનાક નિર્ણય સમાજમાં વ્યાપક થતો જાય છે. તે કારણે વ્યક્તિવાદ પણ વકરતો જાય છે. માણસ માણસ વચ્ચે અંતર વધારનારી આ ટેવ માણસ એકવીસમી સદીમાં જશે તો પણ તેને હેરાન ને દુઃખી કર્યા વિના રહેશે નહીં.

વ્યક્તિ સ્વસ્થ હશે તો સર્વનું હિત વિચારી શકશે અને તંદુરસ્ત સમાજ નિર્માણ થઇ શકશે. સામુદાયિક સુખની ભાવના તંદુરસ્ત સમાજ હોય તે જ કેળવી શકે. તેથી સ્ત્રીપુરુષ બંને પર સમાજના સુખનો આધાર ગણાય. ભારતીય ધર્મશાસ્ત્રોની સૃષ્ટિની ઉત્પત્તિ અંગેની કલ્પના પણ કેટલી સરસ છે! પ્રથમ મનુભગવાનની સૃષ્ટિ થઇ. ત્યારે ભગવાનના જમણા ભાગમાંથી પુરુષ પેદા થયો અને ડાબા ભાગમાંથી સ્ત્રીનો ઉદ્‌ભવ થયો. તેથી ભારતમાં સ્ત્રીને અર્ધાંગિની કહેવામાં આવે છે. અર્ધાંગિની શબ્દ જ સ્ત્રીના મહિમાને દર્શાવનારો છે. મનુ ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે ગૃહિણી ગૃહમ્ ઉચ્યતે—અર્થાત્ ઘરનો આધાર જ સ્ત્રી છે. તેથી લગ્નવિધિ વખતે પુરુષ પાસે 'ઓથ' લેવડાવવામાં આવે છે કે 'સામ્રાજ્ઞીભવ'—અર્થાત્ હવેથી તું મારા ઘરમાં સામ્રાજ્ઞી બન! એટલે કે મારું સર્વસ્વ બન! તું ચક્રવર્તી બન! શું પશ્ચિમના દેશો પાસે આવી ઉમદા પ્રથા છે? કયા ધર્મગ્રંથોમાં આવો ને આટલો સ્ત્રીનો મહિમા ગાવામાં આવ્યો છે? પશ્ચિમની વિવાહ પદ્ધતિમાં આ પ્રકારની વિચારની આપલે થતી નથી. બોલાવવામાં આવે છે ત્યારે આટલું અચૂક બોલાવે છે : I shall love and obey thee till death doth us part અર્થાત્ હું તારી સાથે પ્રેમ કરીશ અને આજ્ઞા પાળીશ, જ્યાં સુધી મરણ આપણને જુદા ન કરે ત્યાં સુધી. 'Obey ' શબ્દ એકમેક પર આધિપત્ય જમાવ-

વાના ઈરાદાને વઅયક્ત કરે છે. પુરુષ હુકમ કરે તે સ્ત્રી પાલન કરે અને સ્ત્રી હુકમ કરે તે પુરુષ પાલન કરે. બંને વચ્ચે હરીફાઈ થાય ને ઝઘડો પણ થાય! હવે કહો મને કે ક્યાં રહી Equality of Sexની વાત?

બાઈબલના જૂના કરારના પ્રથમ પ્રકરણમાં સ્ત્રીના ઉદ્‌ભવની કથા કહી છે. પ્રથમ ભગવાને સૃષ્ટિ રચવાનો સંકલ્પ કર્યો અને તેથી માણસ–પુરુષ–ની રચના કરી. પછી તે પુરુષ નિદ્રાધીન થઈ ગયો. ત્યારે ગાઢ નિદ્રામાં પુરુષના શરીરના પાછલા ભાગના હાડકાંમાંથી સ્ત્રીની રચના કરી. આ વાત મુસલમાનોએ પણ સ્વીકારી લીધી લાગે છે. આ રીતે સ્ત્રીનું નિર્માણ પુરુષના શરીરના પાછલા ભાગના એક હાડકાંમાંથી થયું તે સ્ત્રીનો મહિમા કરનારું ન ગણાય. પુરુષ કરતાં સ્ત્રી કંઈક અધમ એવો એમાં ભાવ વ્યક્ત થાય છે. પૂર્વ પશ્ચિમના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરનાર સમજી શકશે કે માત્ર પૂર્વના શાસ્ત્રગ્રંથોમાં જ સ્ત્રીનો મહિમા ગાવામાં આવ્યો છે. પશ્ચિમના શાસ્ત્રગ્રંથો સ્ત્રીને ઊંચું સ્થાન આપી શક્યા નથી.

ભારતના ઋષિઓએ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ સ્ત્રીને જગદમ્બાનું બિરુદ આપ્યું છે. શૈવ–વૈષ્ણવ–ભાર્ગવ આદિ સૌ સંપ્રદાયોએ મા ભગવતી દ્વારા જ ભગવાન પાસે પહોંચી શકાય છે તેવો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. તેથી ભારતીય ધર્મગ્રંથો પ્રભુની પૂજા કરતાં પહેલાં ભગવાનની જે શક્તિ છે–સ્ત્રી, તેની પૂજા કરવાનો આદેશ આપે છે. જ્યાં સુધી મા ભગવતીની પૂજા ન કરવામાં આવે ત્યાં સુધી ભગવાનની પૂજા અધૂરી માનવામાં આવે છે. એટલું જ નહીં પણ ભગવાન જ મારા પિતા છે એવી ભાવના કરવામાં આવે છે. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ। જ્યારે પશ્ચિના દેશોના ધર્મશાસ્ત્રોમાં તો ભગવાનની એક જ બાજુ–Fatherhood (પિતૃત્વ)ની બાજુનું જ દર્શન થાય છે. ત્યાં પણ



પિતાનું જ આધિપત્ય હોય એવો સ્વીકાર થયો છે. જ્યારે ભારતના સત્પુરુષોએ સ્ત્રીપુરુષના સમાન દરજ્જાને ખ્યાલમાં ન રાખતાં, સ્ત્રીને પુરુષ કરતાં વિશેષ મહત્ત્વની લેખવા ભગવાનના બંને પાસામાં મા ભગવતીનો દરજ્જો ઊંચો ગણ્યો છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્ય તો કહે છે કે દેશિક રુપેણ દર્શિતાભ્યુદયમ્ અર્થાત્ માતા જ સર્વ પ્રથમ કલ્યાણમાર્ગ પર માર્ગદર્શન આપનારી હોય છે. તેથી માતા સર્વ પ્રથમ ગુરુ છે. તેથી વેદ–ઉપનિષદ્ આદિ શાસ્ત્રગ્રંથોમાં સૌ પ્રથમ બાળકને કેળવણી આપવા માટે કહેવામાં આવે છે કે માતૃદેવો ભવ। ત્યાર પછી જ પિતૃદેવો ભવ એમ કહેવામાં આવ્યું છે. એમાં કુદરતી સત્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ સંબંધ બાળકનો માતા સાથે બંધાય છે. માતા ન હોય તો પિતા કોણ થઈ શકે? તેથી સ્ત્રીને માતૃસ્વરૂપે ઊંચામાં ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता: ।** એમ કોણ કહી શકે? દક્ષિણ ભારતના ત્રિચિનાપલ્લીમાં માતૃભૂલેશ્વર મંદિર છે. તે અતિ પ્રાચીન મંદિર કહેવાય છે. તે મંદિરમાં આજે પણ પૂજા સ્ત્રીની થાય છે. છેક છેવાડે કન્યાકુમારીમાં પણ કન્યાની જ પૂજા થાય છે. નહીં તો **लक्ष्मी क्रुध्यति सर्वदा** એવું માનવામાં આવે છે. વિચાર કરો : ભારતના ઋષિઓ ધર્મના આચાર્યો અને લોકો સ્ત્રીને બુદ્ધિહીન ગણે છે કે બુદ્ધિમંત? પુરુષ કરતાં હીન નહીં, પણ પુરુષ કરતાં સર્વશ્રેષ્ઠ સ્થાન ભારતમાં સ્ત્રીને આપવામાં આવ્યું છે. તેથી કહ્યું નારી તો નારાયણી!

# પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મદિન ઉજવાયો

તા. ૧૩ નવેમ્બરના પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી વિવિધ કેન્દ્રોએ પોતપોતાની રીતે કરી; તેમાં અમદાવાદ, મોરબી, રાજકોટ, ભાવનગર, પાલનપુરનો સમાવેશ થાય. પરંતુ વડોદરા ખાતે પોતાના ઘરમાં શ્રી વિજયભાઇ પુરોહિતે પોતાની આગવી રીતે તેની સરસ ઉજવણી કરી. એટલું જ નહિ, પણ કાર્યક્રમ એવો તો સરસ થયો કે તેમાં ભાગ લેનાર સાધક ભાઇબહેનો ખૂબ પ્રભાવિત અને પ્રસન્ન થયાં. કેટલાક સાધકોએ તો એવો ભાવ વ્યક્ત કર્યો કે પૂ. મા જાણે સૂક્ષ્મસ્વરૂપે ઉપસ્થિત ના હોય!

સવારના ૮.૩૦ થી શ્રી પૂર્ણિમાબેન, આશાબેન અને દમયંતીબેનના મધુર કંઠથી ગવાયેલ પ્રાતઃવંદનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. સમૂહ ધ્યાન, પ્રણામ પછી શ્રી બંસીભાઇના ભજનો અને શ્રી મંજુલાબેનના વક્તવ્યો ઉપરાંત પૂ. માના વક્તવ્યની વિડિયો કેસેટથી સવારની બેઠક સમાપ્ત થઇ હતી.

બપોરની બેઠકનો પ્રારંભ સમૂહમાં મંત્રજાપ અને ધ્યાનથી થયો. તે પછી શ્રી પૂર્ણિમાબેન અને શ્રી દમયંતીબેનને ફરીથી સંકીર્તન અને ભજનોની જમાવટ કરવામાં શ્રી શ્યામભાઇ અને શ્રી ચારૂબેને સાથ પૂરાવ્યો.

આ ઉપરાંત શ્રી પૂર્ણિમાબેન, શ્રી દમયંતીબેન, શ્રી આશાબેન અને શ્રી બિન્દુબેન જોષીએ પૂ. મા શ્રી સર્વેશ્વરીના જીવન વિષે પોતાના અંગત અનુભવો અને મંતવ્યો રજૂ કર્યા. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની વિડિયો ટેપ પછી સંકીર્તન અને શાન્તિપાઠથી કાર્યક્રમની સમાપ્તિ થઇ. સહુ સાધકોને લાગ્યું કે પૂ. મા શ્રી સર્વેશ્વરીની અનુપસ્થિતિમાં પણ જાણે એક આખા દિવસની સરસ સાધના શિબિર થઇ.

આ કાર્યક્રમમાં બહારગામથી આવી ભાગ લેવા બદલ મધુભાઇ ભટ્ટ અને શ્રી નીલાબેન, ઉપરાંત શ્રી આશાબેન અને શ્રી દમયંતીબેનનો આભાર માનવામાં આવ્યો.

કાર્યક્રમના સ્થાને જ શ્રી વિજયભાઇ પુરોહિત (પંડિતજી)ના પરિવાર તરફથી સરસ ભોજન પણ ઉપસ્થિત સહુ સાધકોને પીરસવામાં આવ્યું. આવો સરસ કાર્યક્રમ આયોજીત કરવા બદલ સહુએ શ્રી પંડિતજીને અભિનંદન આપ્યા.

— તંત્રી

# હિંસા એટલે શું?

હિંસા એટલે કોઇને મારવું કે કોઇનો નાશ કરવો એમ જ નથી. મન, વાણી ને કાયાથી કોઇનું બૂરું કરવું કે કોઇને ઇજા પહોંચાડવી, એ પણ હિંસા જ છે. એટલા માટે માણસે પોતાના વિચારોને પવિત્ર રાખવા જોઇએ. કોઇનું પણ અહિત થાય તેના વિચારો તેણે કરવા જોઇએ નહિ. એવી ભાવના ને લાગણીને વશ થવું જોઇએ નહિ કે જેને લીધે પોતાનું તથા બીજાનું અમંગલ કે પતન થાય. વાણીમાં પણ તેણે પવિત્ર થવું જોઇએ. સત્ય, પ્રિય ને મધુર તથા મંગલ-કારક વાણીનું તેણે સેવન કરવું જોઇએ. શારીરિક હિંસાથી તો તેણે પર રહેવું જ જોઇએ. શરીર, વાણી ને મનની ગુલામી ઘણી ઘાતક છે. તેમાં તેણે એટલી હદે બંધાવું જોઇએ નહિ કે તે સાચો માર્ગ ભૂલી જાય, માનવતાથી હાથ ધોઇ બેસે, તે પતનની ગર્તામાં પટકાઇ જાય. શરીર, વાણી ને મનની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરીને તેણે પોતાની જાતની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો જોઇએ. પોતાની મારફત કોઇને કોઇ પણ પ્રકારનો ક્લેશ થાય નહિ, કોઇ જાતનું કષ્ટ કે દુઃખ થાય નહિ, ને નુકશાન પહોંચે નહિ, તેને માટે માણસે તૈયાર રહેવાનું છે. તે ઉપરાંત કોઇનું શોષણ ના કરાય, કોઇના પર જોરજુલમ કે અત્યાચાર થાય નહિ, ને કોઇને કોઇ જાતનો અન્યાય થાય નહિ, તે માટે પણ તેણે ચેતતા રહેવાનું છે. અહિંસાનું પાલન એ રીતે જ થઇ શકે. માનવનું સમગ્ર જીવન જ એવું સરલ, નિષ્કપટ ને પ્રેમમય બની જવું જોઇએ કે તેનાથી ભૂલેચૂકે પણ કોઇનું અહિત થાય નહિ.

યોગેશ્વરજી

# પરમાત્માનો અનુભવ કરતાં શીખો

'સર્વ ખલુ ઈદમ્ બ્રહ્મ' એ વાક્યમાં સંસાર અને તેના સ્વામી પરમાત્મા વચ્ચેના સંબંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંસારમાં જે કાંઈ દેખાય છે, અને અનુભવાય છે, તે બધું પરમાત્મામય છે, પરમાત્માનું જ સ્વરૂપ છે, એવો એ મહાવાક્યનો અર્થ થાય છે. પરમાત્મા પરમ જ્ઞાનમય છે એમ કહેનારું એક બીજું મહાવાક્ય આપણે ત્યાં પ્રસિદ્ધ છે ને તે પ્રજ્ઞાનં બ્રહ્મ કહેવાય છે. આ મહાવાક્યોની વાત જવા દઈએ તો પણ, ગીતામાં આને મળતાં કેટલાંય મહાવાક્યો છે. તે બધાં જ જ્ઞાનના ભંડાર કે ભવ્ય વારસારૂપ છે. વરસોના ચિંતન, મનન ને અનુભવના પરિણામે એ મહાવાક્યો શોધાયાં, લખાયાં કે રચાયાં છે. તેમના રહસ્યને કેવળ બુદ્ધિ કે વિચારદ્વારા સમજી નહિ શકાય. તેને સમજવા માટે તો અનુભવની દુનિયામાં ઉતરવું પડશે. અનુભવ વિના તેમનો મર્મ ભાગ્યે જ જાણી શકાશે. આપણે ત્યાં કેટલાકે વિદ્વાનો ને સંતો છે, જે આ મહાવાક્યોનું મનન કર્યા કરે છે. તેમનું સતત ચિંતન કરે છે. ચિંતન ને મનન કરવાનો નિયમ તેમણે કરી લીધો હોય છે. મનનથી મદદ મળે છે. પણ છેવટના સમાધાન ને છેવટની શાંતિને માટે અનુભવ કરતાં પણ શીખવું જોઈએ. જ્ઞાનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. એટલે મહાવાક્યોના શ્રવણ ને મનનથી સંતોષ માની લેવાને બદલે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું જોઈએ. કલ્યાણની કામનાવાળા સાધકે આટલી સૂચના યાદ રાખવા જેવી છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧